સમગ્ર પરિવાર માટે સ્માર્ટફોન, ઇન્ટરનેટ અને કમ્પ્યુટરનો જ્ઞાનખજાનો


# સાયબરસફર

એપ્રિલ ૨૦૨૦, વર્ષ : ૯

ડિજિટલ
ઇન્ટરએક્ટિવ
એડિશન



# Google Earth



## વેકેશનમાં કરો અને કરાવો અનોખી વિશ્વસફર!




વોટ્સએપમાં 'ધરાર' એડમિન બની જવાનું ગંભીર જોખમ

વીડિયો કોલિંગ એપ્સનો પરિચય

કોરોના સ્કેમ્સથી પણ બચીએ!

VISIT…

LANZAROTE Caliente.com


O B M
Only Book & Magazine

# સાયબર સફર



**જ્ઞાનની નવી ભૂખ ઉઘાડતું અને અનેક નવા જ્ઞાનસ્રોત તરફ દોરી જતું વાંચન**

**કવર સ્ટોરી**
નવી ટેક્નોલોજી/વેબસર્વિસ/એપ વગેરેના ઉપયોગ વિશે ઝીણવટભરી માહિતી

**નોલેજ પાવર**
ઇન્ટરનેટ પર ઉપલબ્ધ અનેક શૈક્ષણિક સ્રોતોની રસપ્રદ, વિગતવાર માહિતી

**એફએક્યુ**
ટેકનોલોજીને લગતા વાચકો મૂંઝવતા સવાલ- અને તેના મુદ્દાસર જવાબ

**ઇન્ફોવર્લ્ડ**
આજના સમય અનુસાર વિવિધ વિષયના માહિતીપ્રદ ઇન્ફોગ્રાફિકની સમજ

**મોબાઇલ વર્લ્ડ**
સ્માર્ટફોન-ટેબલેટના ઉપયોગ વિશે અને ઉપયોગી એપ્સની વિશે વિસ્તૃત માહિતી

**યુઝફૂલ વેબસર્વિસ**
કામકાજ કે અભ્યાસમાં લાભદાયી વેબસર્વિસીઝની સ્ટેપ-બાય-સ્ટેપ સમજ

**સ્માર્ટ સર્ફિંગ**
પીસી, લેપટોપ, મોબાઇલ વગેરેમાં ઇન્ટરનેટનું સર્ફિંગ સરળ બનાવતી સચોટ માહિતી

**સ્માર્ટ વર્કિંગ**
દૈનિક કામકાજમાં ઉપયોગી કમ્પ્યુટરના ઓફિસ પ્રોગ્રામ્સની અનેક ખૂબીઓની સમજ

**સાયબર સેફ્ટી**
ઇન્ટરનેટ પર સલામતી સંબંધિત વિવિધ પાસાંની જાણકારી અને માર્ગદર્શન

**ક્રિએટિવિટી**
સર્જનાત્મકતાને વેગ મળે એવી જુદી જુદી વેબસર્વિસીઝ કે એપ્સની માહિતી

**એરાઉન્ડ ધ વેબ**
આપણા વર્તમાન અને ભાવિને બદલતા ઇન્ટરનેટ જગતના વિવિધ ટ્રેન્ડ્સની વાત

**બેઝિક ગાઇડ**
ઇન્ટરનેટ, કમ્પ્યુટર અને સ્માર્ટફોનના ઉપયોગ અંગે બિલકુલ પાયાની માહિતી

**ટેકનોટર્મ**
વારંવાર સંભળાતા, ઓછા સમજાતા શબ્દોની સમજ

**કરિયર સેન્ટ્રલ**
આઇટીમાં કારકિર્દી સંબધિત પાયાનું માર્ગદર્શન

**ઇંગ્લિશ-વિંગ્લિશ**
અંગ્રેજી ભાષા પર પકડ મેળવવામાં મદદરૂપ માહિતી

**સ્માર્ટ શોપિંગ**
નવી ટેક્નોલોજીનાં નવાં સાધનોની ખરીદીની જાણકારી

**...અને આ ઉપરાંત બીજું ઘણું બધું!**

**સમય સાથે નહીં, સમયથી આગળ રાખતું વાંચન!**

# 'સાયબરસફર'નું નવું સ્વરૂપ!



આપણો ફેવરિટ બેટ્સમેન ક્રીઝ પર હોય, તેનો સ્કોર ૯૭ રનના આંકડે પહોંચી ગયો હોય, ક્યારે સદી થાય એની ઘડીઓ ગણાઈ રહી હોય... અને અચાનક વરસાદ પડે, મેચ થંભી જાય તો?!

'સાયબરસફર' સાથે એવું જ થયું!

સતત આઠ વર્ષથી નિયમિત રીતે પ્રકાશિત થતા અંકોનો આંક ૯૭ને પાર કરી ગયો, ત્યાં કોરોના વાઇરસ અને તેના પગલે લોકડાઉનનું ગ્રહણ આવતાં મેચ અટકી પડી!

અલબત્ત આપણા મૂળ વિષય મુજબ, જેમ કમ્પ્યુટર કે સ્માર્ટફોનમાં કંઈક ખરાબી સર્જાય, આપણી ધારી રીતે કામ ન થાય ત્યારે સૌથી અસરકારક રસ્તો તેને રીસ્ટાર્ટ કરવાનો હોય છે. એમ, આ સમય આપણા વાસ્તવિક જીવનને રીબૂટ કે રીસ્ટાર્ટ કરવાનો છે. જે કંઈ ખામીઓ હોય તેને સુધારી લેવા માટે, એકડેએકથી શરૂઆત કરવાનો સમય! એ પછી જે સર્જન થાય એ ચોક્કસ અગાઉ કરતાં સારું જ હોય!

એ ન્યાયને અમે 'સાયબરસફર'ને નવું, ડિજિટલ અને ઇન્ટરએક્ટિવ સ્વરૂપ આપ્યું છે. અલબત્ત, આ સાવ નવી વાત નથી. 'સાયબરસફર'ને આ સ્વરૂપ છેક ૨૦૧૨થી જ મળી ગયું હતું, પણ પાઇરસીને કારણે તેને અટકાવવું પડ્યું હતું.

આપને આ નવું સ્વરૂપ કેવું લાગ્યું તે જરૂર જણાવશો!

– હિમાંશુ



092272 51513


www.facebook.com/
himanshu.kikani


www.facebook.com/
cybersafar


http://twitter.com/cybersafar


himanshu@cybersafar.com


## 'સાયબરસફર'નો પરિચય

**જાન્યુઆરી ૨૦૦૮માં**
અખબારી સાપ્તાહિક કોલમ તરીકે શરૂઆત.

**જાન્યુઆરી ૨૦૦૯માં**
વેબસાઇટ સાથે સફર વેબજગતમાં વિસ્તરી.

**ડિસેમ્બર ૨૦૧૧માં**
'સાયબરસફર એજ્યુમીડિયા'ના નેજાતળે વિવિધ પ્રિન્ટેડ પ્રકાશનોની શરૂઆત.

**ફેબ્રુઆરી ૨૦૧૨થી**
'સાયબરસફર' મેગેઝિનની શરૂઆત.

**'દિવ્ય ભાસ્કર', 'ચિત્રલેખા' અને 'ગુજરાત સમાચાર'માં સાપ્તાહિક કોલમ**

### મુખ્ય ત્રણ બાબતો પર કેન્દ્રિત

**પ્રોડક્ટિવિટી**

**ક્યુરિયોસિટી**

**ક્રિએટિવિટી**

મેગેઝિનમાં સ્માર્ટફોન, ઇન્ટરનેટ અને કમ્પ્યુટરના ઉપયોગ વિશે સરળ, હળવી ભાષામાં માર્ગદર્શન આપવામાં આવે છે, પરંતુ 'સાયબરસફર'નું ધ્યેય લોકોને આ સાધનોની માહિતી આપવા જેટલું સીમિત નથી.

લોકો પ્રશ્નોના જવાબ શોધી શકે એટલું નહીં, તેમને વધુ સવાલો થાય અને તેઓ મેળે ઉત્તરો શોધી શકે તો આ સફર સાર્થક થશે.

'સાયબરસફર'નું મુખ્ય લક્ષ્ય ઇન્ટરનેટ અને ટેક્નોલોજીની ઉજળી બાજુને માધ્યમ બનાવીને જિજ્ઞાસુ અને જ્ઞાનપૂજક પ્રજા તરીકે ગુજરાતી પરિવારોની ક્ષિતિજો વિસ્તારવાનું છે.

આ સફર વાચકોના પ્રેમ અને પ્રોત્સાહનથી જ વિસ્તરતી રહી છે.





અરાઉન્ડ ધ વેબ

ટેક દુનિયા કોરોનાના કારણે ખોરંભે ચઢી

ગૂગલે લોકેશન ટ્રેકિંગ ડેટા જાહેર કર્યો

અડધોઅડધ ભારતીયો બેકઅપ લેતા નથી, તમે?

એપ ડેવલપર ફોનમાંની એપ્સ જાણી શકે







અંક : ૯૮, એપ્રિલ ૨૦૨૦, વર્ષ : ૯, મૂલ્ય : ₹ ૩૫/-

૧ એપ્રિલ ૨૦૨૦ના રોજ પ્રકાશિત

સાયબરસફર

www.cybersafar.com


તંત્રી, મુદ્રક અને પ્રકાશક : હિમાંશુ કીકાણી

લેઆઉટ અને પેજસેટિંગ : મહેશ નંદવાણા

વ્યવસ્થાપન સહયોગ : ચૌલા કીકાણી, ધર્મેશ નાયક

સંપર્ક માહિતી :
સૂચનો, અભિપ્રાય માટે : editor@cybersafar.com
લવાજમની તપાસ માટે : support@cybersafar.com
જાહેરખબરની તપાસ માટે : advt@cybersafar.com

સાયબરસફર એજ્યુમીડિયા : બી-૪૦૧, કૈવલ્યધામ-૧, ટાઇમ્સ પ્રેસ રોડ, શ્યામલ ચાર રસ્તા પાસે, સેટેલાઇટ, અમદાવાદ-૧૫
Email: support@cybersafar.com, ફોન : ૦૭૯-૪૦૦૬ ૧૫૧૩, મો. : ૦૯૨૨૭૨ ૫૧૫૧૩




'સાયબરસફર'ની આ ડિજિટલ અને ઇન્ટરએક્ટિવ એડિશન છે.

આ પેજ પર લેખની ઇમેજ પર કે અન્ય સ્થળે જ્યાં કોઈ લિંક કે ક્લિકની નિશાની દેખાય તેને ક્લિક કરવાથી, એ પેજ કે વેબપેજ પર જઈ શકાશે.









દેશવ્યાપી લોકડાઉનના અસાધારણ સંજોગમાં 'સાયબરસફર'ની પ્રિન્ટ આવૃત્તિ પ્રકાશિત થઈ શકી ન હોવાથી, તેના સ્થાને આ ડિજિટલ, ઇન્ટરએક્ટિવ એડિશન તૈયાર કરવામાં આવી છે.

સ્થિતિ સામાન્ય ન થાય ત્યાં સુધી, પ્રિન્ટ મેગેઝિનને સ્થાને આ પ્રકારે પ્રકાશન થશે અને તે લવાજમનો ભાગ ગણાશે તે ધ્યાને લેવા વિનંતી.

આપના સહયોગની અપેક્ષા છે.

– વ્યવસ્થાપક

૧૨ અંકનું લવાજમ : ₹ ૪૦૦/- (માત્ર ભારતમાં), લવાજમના વધુ વિકલ્પો અને અન્ય પ્રકાશનો માટે જુઓ પેજ નં. ૪૯ અથવા www.cybersafar.com

મુદ્રણસ્થાન : પ્રિન્ટ વિઝન, આંબાવાડી, અમદાવાદ

Registered with RNI. No. GUJGUJ/2012/45921 | Printed, published and owned by Himanshu Kikani. Printed at Print Vision Pvt. Ltd., Ambawadi, Ahmedabad-380006. Published at B-401, Kaivalyadham-1, Opp. Radio Mirchi Tower, Nr. Shyamal Crossroads, Satellite, Ahmedabad - 380015.

Editor: Himanshu Kikani






લવાજમની માહિતી
અને ઘેરબેઠાં પેમેન્ટ માટે જુઓ

https://cybersafar.com/shop



# ટેક દુનિયા કોરોનાના કારણે ખોરંભે ચઢી

કોરોના વાઈરસને પ્રતાપે માત્ર આપણું જીવન કે કામધંધો ખોરવાયાં છે એવું નથી. મોટી મોટી ટેક કંપનીઓના કંઈકેટલાય પ્લાનિંગ પણ ખોરવાઈ ગયાં છે. લગભગ દરેક જાણીતી ટેક કંપનીનાં વેબપેજ ઓપન કરીએ ત્યારે તેમાં મેસેજ જોવા મળે છે કે તેઓ લિમિટેડ ટીમ સાથે કામ કરી રહ્યા હોવાથી તેમની સર્વિસમાં અંતરાયો આવી શકે છે.

ગૂગલ જેવી કંપનીનું ક્રોમ કે એન્ડ્રોઇડના નવા વર્ઝન જેવાં પ્લાનિંગ ખોરવાઈ ગયાં છે તો એપલનું નવા ફોન્સ લોન્ચ કરવાનું આયોજન ખોરંભે ચઢ્યું છે.


એપલનો આઇફોન ૧૨ તૈયાર થઈ રહ્યો છે. આ રાહ જોવાનું એક મોટું કારણ છે કે તેમાં પહેલી વાર ફાઇવ-જી ટેક્નોલોજીનો ઉપયોગ થઈ રહ્યો છે. પરંતુ આઇફોનનું મેન્યુફેક્ચરિંગ મોટા ભાગે ચીનમાં થાય છે! એપલના પોતાના દુનિયાભરના સ્ટોર્સ પણ બંધ પડ્યા છે અને ફરી ક્યારે ખુલશે તે અનિશ્ચિત છે.

એપલની જેમ મોટા ભાગના ફોન્સ ચીન અથવા દક્ષિણ કોરિયામાં બને છે, આથી મોટા ભાગની કંપનીનાં નવાં મોડ્લ્સનું કામ અટકી પડ્યું છે.



# લોકડાઉનની અસર સમજવા ગૂગલે લોકેશન ટ્રેકિંગ ડેટા જાહેર કર્યો


સ્માર્ટફોન આપણું લોકેશન ટ્રેક કરે છે અને વિવિધ કંપની તેનો લાભ લઈને જાહેરાતોમાંથી કમાણી કરે છે એ સાચું, પણ આ ટેક્નોલોજી મુશ્કેલીના સમયમાં મદદરૂપ પણ થાય છે. જેમ કે કોરોના વાઈરસના વિશ્વવ્યાપી પ્રસાર પછી, ભારત સહિત સંખ્યાબંધ દેશોએ સંપૂર્ણ લોકડાઉન કે નિયંત્રણો મૂક્યાં,




એ કેટલાં અસરકારક રહે છે તે લોકેશન ડેટાથી જાણી શકાય છે.

ગૂગલે ૧૩૧ દેશોમાંના એન્ડ્રોઇડ યૂઝર્સના લોકેશન ડેટાને રીલિઝ કર્યો છે. આ ડેટામાં જાન્યુઆરી૩થી ફેબ્રુઆરી૬, ૨૦૨૦ના અઠવાડિયાની સરેરાશ સ્થિતિની સરખામણીએ એપ્રિલ ૫ સુધીમાં સ્થિતિ કેવી બદલાઈ તે જોવા મળે છે. આ ડેટા પરથી દરમિયાન વિવિધ શહેરોમાંના રીટેઇલ મોલ અને મલ્ટીપ્લેક્સ, ટ્રેન અને બસ સ્ટેશન્સ વગેરે સ્થળોએ લોકોની આવનજાવનમાં કેટલો ફેર પડ્યો છે તે જાણી શકાય છે (નીચેના ડેટા ભારતના છે)

આ ડેટા અનુસાર ઇટલી અને સ્પેન જેવા સૌથી વધુ કોરોનાગ્રસ્ત દેશોમાં રીટેઇલ અને રીક્રિએશન લોકેશન્સ પર




લોકોની અવરજવરમાં ૯૪ ટકા જેટલો ઘટાડો નોંધાયો છે. યુકે, ફ્રાન્સ અને ફિલિપાઇન્સમાં આવાં સ્થળોએ અવરજવર ૮૦ ટકા જેટલી અને ભારતમાં ૭૭ ટકા જેટલી ઘટી છે.

અમેરિકામાં આ પ્રમાણ માંડ ૫૦ ટકા જેટલું ઘટ્યું અને જાપાન અને સ્વીડન જેવા દેશો, જ્યાં સરકારે કડક નિયંત્રણો લાદ્યાં નથી તેમાં માંડ ૨૫ ટકા અવરજવર ઘટી હોવાનું નોંધાયું.




# અડધોઅડધ ભારતીયો બેકઅપ લેતા નથી, અને તમે?

કુદરતી આફત સમયે જીવન જેવું ડખે ચઢે એનો આપણે ભૂકંપ સમયે અને પછી હમણાં કોરોના વાઇરસને પ્રતાપે પૂરો અનુભવ કર્યો છે. વાત કમ્પ્યુટર્સની હોય ત્યારે ભૂકંપ કે આગ એવાં આકસ્મિક જોખમો ઉપરાંત હાર્ડ ડ્રાઇવ ક્રેશ થવી કે 'રેન્સમવેર' ત્રાટકવા જેવી આફત પણ ઉમેરાય છે. રેન્સમવેર આપણા કમ્પ્યુટરના તમામ ડેટાને એવી રીતે લોક કરી દે છે કે આપણે તેની ખંડણી ચૂકવીએ નહીં ત્યાં સુધી ડેટાનો કોઈ રીતે ઉપયોગ કરી શકીએ નહીં.




આવી આફતથી બચવાનો એકમાત્ર ઉપાય છે આપણા મહત્ત્વના ડેટાનો નિયમિત બેકઅપ. ડેટા આપણા એક સાધન ઉપરાંત બીજી બે જગ્યાએ પણ સચવાયેલો પડ્યો હોય તો પછી કોઈ ચિંતા ન રહે. પરંતુ હમણાં થયેલા એક સર્વેક્ષણમાં જાણવા મળ્યું કે લગભગ અડધોઅડધ ભારતીયો તેમના ડેટાનો બેકઅપ લેવાની પરવા કરતા નથી!

આ સર્વેક્ષણ સ્માર્ટફોન યૂઝર્સ માટે કરવામાં આવ્યું હતું. આ બાબતે આઇફોન અને એન્ડ્રોઇડના યૂઝર્સમાં ખાસ કોઈ ફેર નથી. આઇફોનના ૧૩ ટકા યૂઝર્સ અને એન્ડ્રોઇડના ૧૭ ટકા યૂઝર્સે એમ પણ કહ્યું કે તેમને બેકઅપ કેમ લેવાય એ જ ખબર નથી. સર્વેક્ષણમાં સામેલ જે અડધા ભાગના લોકોએ કહ્યું કે તેઓ બેકઅપ લે છે, તેમાંના ૪૨ ટકાએ પોતે ક્લાઉડ સ્ટોરેજમાં, ૩૫ ટકા એક્સટર્નલ હાર્ડ ડ્રાઇવમાં અને ૨૩ ટકા યુએસબી પેન ડ્રાઇવમાં બેકઅપ લેતા હોવાનું કહ્યું.

તમારા સ્માર્ટફોનને ક્યારેક ફુરસદે તપાસી જુઓ. તેમાં કેટલો અને ક્યાં ક્યાં મહત્ત્વનો ડેટા અને તે તમામનો તમે યોગ્ય રીતે બેકઅપ લો છો? મતલબ કે, આટલું આ લખાણ પૂરું થાય ત્યાં સુધીમાં તમારો સ્માર્ટફોન – કુદરત ન કરે, પણ – તદ્દન ક્રેશ થાય અને તેમાંનો બધો ડેટા ભૂંસાઈ જાય, તો પણ તમારા પેટનું પાણી ન હલે એવી રીતે તમે તેનો બેકઅપ સાચવો છો ખરા?!

# એપ ડેવલપર જાણી શકે છે કે તમે ફોનમાં બીજી કઈ કઈ એપ ઇન્સ્ટોલ કરી છે




સ્માર્ટફોન જોઈ અને સાંભળી પણ શકે છે!, પણ હવે બહાર આવેલી વિગત મુજબ, એન્ડ્રોઇડ ઓપરેટિંગ સિસ્ટમમાં 'ઇન્સ્ટોલ્ડ એપ્લિકેશન મેથડ્સ' નામનું એક ફીચર હોય છે, જેની મદદથી એપ ડેવલપર આપણા ફોનમાં બીજી કઈ એપ્સ છે તે જાણી શકે છે.

આમ તો, આપણે ફોનમાં કોઈ એપ ઇન્સ્ટોલ કરીએ ત્યારે એ એપને ફોનમાંની બીજી એપ્સ સાથે ફોનના રીસોર્સિઝનો ઉપયોગ કરવા બાબતે ટકરાવ થશે કે બધી એપ 'હળી-મળી'ને કામ કરી શકશે એ એપ ડેવલપર જાણી શકે એ માટે આ ફીચર ડેવલપ કરવામાં આવ્યું હતું, પણ હવે તેનો લાભ (કે ગેરલાભ!) લઈને લગભગ બધી જ ટોચની એપ્સ, આપણા ફોનમાં બીજી કઈ કઈ એપ્સ ઇન્સ્ટોલ કરવામાં આવી છે એની યાદી મેળવે છે અને પછી તેના આધારે, આપણી ઘણી બધી વિગતો જાણી શકે છે!

# Google Earth

# વેકેશનમાં કરો અને કરાવો અનોખી વિશ્વસફર!






ગૂગલ અર્થનો પરિચય કરાવતો વીડિયો જોવા ઉપર ક્લિક કરો
(‘સાયબરસફર’ની વેબસાઇટ પર મેગેઝિનના પેજ પર જ આ વીડિયો જોઈ શકાશે)





લાંબા અરસાથી ઘરમાં પુરાઈ રહીને કંટાળ્યા છો? તો ઘેરબેઠાં અનોખી વિશ્વસફર કરવા થઈ જાવ તૈયાર! મજા એ છે કે આ સફર ક્યારેય પૂરી થશે નહીં અને તમે ઇચ્છો તો તમારા સ્વજનો-મિત્રોને પણ આવી સફર કરાવી કરશો - ગૂગલ અર્થ પર!

એ માટે સૌથી પહેલાં, તમારા સ્માર્ટફોનમાં ગૂગલ અર્થ એપ ન હોય તો નીચેની લિંક ક્લિક કરીને અથવા પ્લેસ્ટોર/એપસ્ટોરમાં 'ગૂગલ અર્થ' સર્ચ કરીને એપ ડાઉનલોડ કરી લો.









પીસી/લેપટોપમાં પણ http://earth.google.com/ પર જઈને ગૂગલ અર્થનો લાભ લઈ શકાશે, અલબત્ત, પીસી પાવરફુલ નહીં હોય તો થોડી તકલીફ થઈ શકે છે.

અહીંથી આગળનાં પાનાંમાં પૃથ્વીનાં કેટલાંક જાણ્યાં-અજાણ્યાં સ્થળોની વાત કરી છે અને તેની લિંક્સ આપી છે.

**આ માત્ર દિશાસૂચન છે!**

આ સ્થળોએ પહોંચીને અર્થમાં આગળ વધશો તો ઘણું નવું જાણવા મળશે. તમારી રીતે કોઈ સ્થળ સર્ચ કરી, ત્રણ ડોટ ક્લિક કરતાં 'ક્રિએટ પોસ્ટકાર્ડ'નો વિકલ્પ મળશે. તેને ક્લિક કરતાં, તમે જે દૃશ્ય જોઈ રહ્યા હો તેનો જ સ્ક્રીનશોટ અને તેની લિંક મળશે, જેને કોઈ પણ વોટ્સએપ કે અન્ય રીતે શેર કરી શકાશે!




**'સાયબરસફર'માં અગાઉ...**


પહેલી વાર જુલાઈ ૨૦૧૨માં અને પછી મે ૨૦૧૭માં, નવા સ્વરૂપે ગૂગલ અર્થ રજૂ થતાં, કવરસ્ટોરીમાં જૂના અને નવા વર્ઝનનો વિગતવાર પરિચય આપવામાં આવ્યો હતો.

આ મજાનો પ્રોગ્રામ અને તેની એપમાં નવી ખૂબીઓ ઉમેરાતી રહે છે. ખાસ કરીને 'વોયેજર' વિભાગમાં, આપણી પૃથ્વીની અનેકવિધ લાક્ષણિકતાઓ નવી નજરે જોવાની તક મળે છે. આપણે આગામી અંકોમાં તેની વાત કરતા રહીશું.

The world's most detailed globe

Discover cities around the world.

Launch Earth




## સ્ટેચ્યુ ઓફ યુનિટી, કેવડિયા, ભારત

૧૮૨ મીટર ઊંચા સ્ટેચ્યુ ઓફ યુનિટીની આ વર્ચ્યુઅલ સફરમાં, સ્ટેચ્યુ, નર્મદા નદી વગેરે બધું હેલિકોપ્ટરમાંથી જોઈ રહ્યા હોઈએ એ રીતે જોઈ શકાશે. અલબત્ત, રેઝોલ્યુશન વિદેશનાં સ્થળો જેટલું સારું નથી. થોડા આગળ જઈને સરદાર સરોવર ડેમ અને પાછળ સર્જાયેલું વિશાળ સરોવર, નજીકનો પાવર પ્લાન્ટ વગેરે બધું નવી નજરે જોઈ શકો છો. તમે ઇચ્છો તો અહીં મેઝર ટૂલનો ઉપયોગ કરીને સરદાર સરોવર બંધની લંબાઈ માપી શકો છો!

ગૂગલ અર્થમાં જૂઓ





## સ્ટેચ્યુ ઓફ લિબર્ટી, ન્યૂ યોર્ક, અમેરિકા

વિશ્વનું બીજું પ્રસિદ્ધ સ્ટેચ્યુ! થોડું ઝૂમ આઉટ કરશો તો આખો આઇલેન્ડ જોઈ શકાશે. નીચે ડાબી તરફ ટુડી/થ્રીડી બટનથી વ્યૂ બદલી શકાશે. કોઈ પણ સ્થળ પર ક્લિક કરતાં, તેની ઇન્ફો પેનલ ઓપન થશે. તેમાં અન્ય સ્થળોની લિંક પણ મળશે. આ જ સ્થળે, તમે પોતે અર્થમાં સર્ચ કરીને પહોંચશો તો તેની ઇન્ફો પેનલમાં વિવિધ માહિતી મળશે, જેમ કે ૯૩ મીટર ઊંચું આ સ્ટેચ્યુ ૧૮૭૫થી ૧૮૮૬ના ગાળામાં બંધાયું હતું!

ગૂગલ અર્થમાં જૂઓ









## એફિલ ટાવર, પેરિસ, ફ્રાન્સ

૧૮૮૯માં બંધાયેલા એફિલ ટાવરને નરી આંખે જોયો હોય તો પણ, અર્થમાં તેને પંખીની નજરે જોઈ શકાશે! ખાસ તો સમગ્ર પેરિસ શહેરને અહીં ઘણા સારા રેઝોલ્યુશનમાં જોઈ શકાય છે. અમદાવાદના સાબરમતી રીવરફ્રન્ટ જેવા, અહીંના રીવરફ્રન્ટ પર પણ વર્ચ્યુઅલ લટાર મારવા જેવી છે. આંગળીના લસરકે પેરિસ શહેરમાં દૂર નીકળી જાઓ તો પરત ફરીને ફરી પાછો એફિલ ટાવર શોધવાની રમત પણ કરી જુઓ – મજા પડશે!


ગૂગલ અર્થમાં જૂઓ




## ઓપેરા હાઉસ, સિડની, ઓસ્ટ્રેલિયા

ઓસ્ટ્રેલિયાના સિડની શહેરમાંનું ઓપેરા હાઉસ તેના અનોખા આર્કિટેક્ચરને કારણે વિશ્વની સૌથી જાણીતી ઇમારતોમાં સ્થાન પામ્યું છે. આ એક પર્ફોર્મિંગ આર્ટ્સ સેન્ટર છે. ૬૫ મીટર ઊંચી આ ઇમારતનું બાંધકામ ૧૯૫૯માં શરૂ થયું હતું. અહીં બિલકુલ નજીકમાં આવેલો સિડની હાર્બર બ્રિજ પણ નજીકથી જોવા જેવો છે. તેની ઇન્ફો પેનલમાંથી તમે ગૂગલ મેપ્સમાં પહોંચીને સિડની શહેરનો વધુ સારો સેટેલાઇટ વ્યૂ પણ જોઈ શકો છો.


ગૂગલ અર્થમાં જૂઓ




## માઉન્ટ એવરેસ્ટ, નેપાળ

માઉન્ટ એવરેસ્ટ નામ આપણે માટે બહુ જાણીતું હોવા છતાં, તેના વિશે આપણું બહુ ઓછું જાણતા હોઈએ એવું બને - જેમ કે ભારત, પાકિસ્તાન, અફઘાનિસ્તાન, ભુટાન, ચીન, તિબેટ અને નેપાળમાં પથરાયેલી પર્વતમાળાના આ સૌથી ઊંચા શિખર પરથી આંતરરાષ્ટ્રીય સરહદ પસાર થાય છે, તેનો ઉત્તર ભાગ ચીનમાં અને દક્ષિણનો ભાગ નેપાળમાં છે! હિમાલયની વર્ચ્યુઅલ સફર કરાવતી એક અનોખી એપ વિશે જાણો આ લેખમાં.

ગૂગલ અર્થમાં જૂઓ





## નાયગ્રા ફૉલ્સ, અમેરિકા-કેનેડા

તમને જાણીને કદાચ નવાઈ લાગશે કે માઉન્ટ એવરેસ્ટની જેમ જગવિખ્યાત નાયગ્રા ધોધ પણ બે દેશોમાં વહેંચાયેલ છે. ઉપરની તસવીરમાં દેખાતા ઘોડાની નાળ જેવા 'હોર્સ શૂ ફૉલ્સ' કેનેડામાં છે અને 'અમેરિકન ફૉલ્સ' અમેરિકામાં!અર્થમાં આ ધોધના ખૂણે ખૂણાને સરસ રેઝોલ્યુશનમાં થ્રીડી વ્યૂમાં માણવાની મજા લૂંટવા જેવી છે! ડાબી પેનલમાં ફોટોઝ ઓન કરીને, અહીંના મુલાકાતીઓએ લીધેલા ફોટોઝ પણ તમે જોઈ શકશો.

ગૂગલ અર્થમાં જૂઓ









## વિક્ટોરિયા ફૉલ્સ, ઝાંબિયા-ઝિમ્બાબ્વે

કુદરતનું અન્ય એક રમણીય સર્જન, જે બે દેશમાં વહેંચાયેલું છે! આફ્રિકામાં ઝાંબેઝી નદી પર સર્જાયેલ આ ધોધ સમગ્ર વિશ્વનો એકમાત્ર એવો ધોધ છે જે પૂરા એક કિલોમીટર કરતાં વધુ પહોળો છે અને એકસો મીટર કરતાં પણ વધુ ઊંડો છે, જેનો અવાજ ૪૦ કિલોમીટર દૂરથી પણ સાંભળી શકાય છે!

આ ધોધને ગૂગલ અર્થ ઉપરાંત, બિલકુલ જુદી રીતે જોવાનો અનુભવ કરવા 'સાયબરસફર'ની વેબસાઇટ પર જુઓ આ લેખ.

ગૂગલ અર્થમાં જૂઓ




## હૂવર ડેમ, નેવાડા, અમેરિકા

આ સફરનું - હાલ પૂરતું - સમાપન કરીએ વધુ એક માનવસર્જિત અનોખા બાંધકામથી. અમેરિકામાં કોલોરાડો નદી પર બંધાયેલો હૂવર ડેમ નેવાડા અને એરિઝોના રાજ્યો વચ્ચે છે. કોંક્રિટનો આર્ક-ગ્રેવિટી પ્રકારનો આટલો વિશાળ બંધ અગાઉ ક્યારેય બંધાયો નહોતો, તેમાં ઉપયોગ કરાયેલી કેટલીક ટેકનિક્સ બિલકુલ નવી હતી, છતાં, આયોજન કરતાં પૂરા બે વર્ષ પહેલાં તેનું બાંધકામ પૂરું કરાયું હતું - અલબત્ત, એકસો જેટલી જિંદગીનો ભોગ પણ લેવાયો.

ગૂગલ અર્થમાં જૂઓ

સાયબર એલર્ટ

# કોરોના વાઈરસ સાથે કોરોના સ્કેમ્સથી પણ બચીએ

સમગ્ર વિશ્વમાં કોરોના વાઈરસનો ફફડાટ ફેલાયો છે તેનો હેકર્સ લાભ લઈ રહ્યા છે. આ સમયે હેકર્સ શું શું કરી રહ્યા છે, તેમનો સામનો કેવી રીતે થઈ રહ્યો છે અને આપણે શું સાવચેતી રાખવી, એ જાણો...





સમગ્ર વિશ્વમાં અત્યારે અવ્યવસ્થાનો માહોલ છે. કોવિડ-૧૯ વાઇરસે મચાવેલા તરખાટને પગલે ભારત જેવા દેશોમાં સંપૂર્ણ લોકડાઉન છે. લોકો પોતપોતાના ઘરમાં પૂરાઈ ગયા છે અને સરકારી તંત્રો, ખાસ કરીને આરોગ્ય તંત્ર આ મહામારી સામે કેવી રીતે લડવું તેની મથામણમાં છે.

સમગ્ર વિશ્વની હૉસ્પિટલ્સ સામે અત્યારે બે સૌથી મોટા પડકાર છે – પહેલો પડકાર, ડૉક્ટર્સ અને અન્ય કર્મચારીઓને સલામત રાખીને કોવિડ-૧૯ના દર્દીઓને કેવી રીતે અસરકારક સારવાર પૂરી પાડવી અને બીજો પડકાર, હૉસ્પિટલ્સને સાયબરક્રિમિનલ્સના હુમલાથી કેવી રીતે બચાવવી.

ચોતરફ ભય અને અવ્યવસ્થા હોય ત્યારે ગુનાખોરોને મોકળું મેદાન મળતું હોય છે. અગાઉ દુકાળ કે પૂર હોનારત જેવી કુદરતી આફતો સમયે લૂંટફાટના કિસ્સાઓ વધી જતા, પણ હવે સમય બદલાયો છે. આજના સમયમાં, વિશ્વમાં વ્યાપેલી અંધાધૂંધીને કારણે સાયબરક્રિમિનલ્સ હરકતમાં આવી ગયા છે.

**આ ગુનાખોરોના નિશાન પર બે બાબત છે –**

- કોરોના સામે લડી રહેલી હોસ્પિટલ્સ,
- કોરોનાના ભયથી ફફડી રહેલા સામાન્ય લોકો.

લોકડાઉન દરમિયાન ઘરમાં પૂરાયેલા સૌ વોટ્સએપ અને અન્ય સોશિયલ મીડિયા પર વધુ પડતા સક્રિય થઈ ગયા છે ત્યારે એમાં રહેલાં જોખમો બરાબર સમજી લેવા જેવાં છે, જેથી કોરોનો વાઇરસ નહીં તો તેને લગતું કોઈ સ્કેમ આપણને ભોગ બનાવે નહીં!

આપણે હોસ્પિટલ્સ અને સામાન્ય લોકોને, બંને નિશાન બનાવવા કે બચાવવા શું થઈ રહ્યું છે અને આપણે પોતે શું ધ્યાન રાખી શકીએ એ જાણીએ.

## હોસ્પિટલ્સ પર નિશાન

થોડી વાર માટે, કોરોના વાઇરસને ભૂલીને, આપણને કોરોનાથી બચાવી શકે તેવા આરોગ્ય તંત્રને ડરાવતા વાઇરસ પર ધ્યાન કેન્દ્રિત કરીએ. એ માટે આપણે ફક્ત ત્રણ વર્ષ પાછળ જવું પડશે.

ત્રણેક વર્ષ પહેલાં, ૨૦૧૭માં મે મહિનાની ૧૨મી તારીખે સમગ્ર વિશ્વમાં વંટોળની જેમ એક ખબર ફેલાયા - સમગ્ર યુરોપ અને એશિયામાં કમ્પ્યુટર્સ પર એક 'રેન્સમવેર' ત્રાટકી રહ્યો હતો. 'વોન્નાક્રાય' નામે જાણીતા થયેલા આ પ્રોગ્રામે જોતજોતાંમાં લગભગ ૧૦૦ દેશનાં બે લાખથી વધુ કમ્પ્યુટર્સ ઠપ્પ કરી દીધાં અને ઇતિહાસના સૌથી વ્યાપક અને ભયાનક સાયબરએટેકમાં 'વોન્નાક્રાય'નું નામ નોંધાઈ ગયું.

હવે આપણે જાણીએ છીએ તેમ, રેન્સમવેર માઇક્રોસોફ્ટ વિન્ડોઝ ઓપરેટિંગ સિસ્ટમમાંની ખામીઓને કારણે કમ્પ્યુટર્સમાં ઘૂસ્યો હતો. બધો વાંક માઇક્રોસોફ્ટનો નહોતો. દુનિયાભરમાં લોકો આઉટડેટેડ કમ્પ્યુટર સિસ્ટમ્સનો ઉપયોગ કરતા હોય છે અને તેમાંની ઓપરેટિંગ સિસ્ટમ કે અન્ય સોફ્ટવેરને અપડેટ કરવાની પરવા કરતા નથી.

એક વાત એવી પણ છે કે ખુદ યુએસની નેશનલ સિક્યોરિટી એજન્સીએ વિન્ડોઝમાં છીંડું પાડવાની રમત કરી હતી.

રેન્સમવેર એક એવા પ્રકારનો પ્રોગ્રામ છે, જે કમ્પ્યુટરમાં ઘૂસીને તેમાંના તમામ ડેટાને એન્ક્રિપ્ટ કરી દે છે, એટલે કે ડેટાના મૂળ માલિક

**લોકડાઉન દરમિયાન ઘરમાં પૂરાયેલા સૌ વોટ્સએપ અને અન્ય સોશિયલ મીડિયા પર વધુ પડતા સક્રિય થઈ ગયા છે ત્યારે એમાં રહેલાં જોખમો બરાબર સમજી લેવા જેવાં છે, જેથી કોરોનો વાઇરસ નહીં તો તેને લગતું કોઈ સ્કેમ આપણને ભોગ બનાવે નહીં!**

તેનો કોઈ ઉપયોગ કરી ન શકે એવી સ્થિતિ લાગી દે છે. ડેટાને યથાવત એટલે કે ફરી ઉપયોગયોગ્ય કરી આપવા માટે રેન્સમ એટલે કે ખંડણી માગવામાં આવે છે, જે મોટા ભાગે બિટકોઇન સ્વરૂપે માગવામાં આવે છે.

વોન્નાક્રાય રેન્સમવેરે વિશ્વનાં અન્ય કમ્પ્યુટર્સની સાથોસાથ ઇંગ્લેન્ડની નેશનલ હેલ્થ સર્વિસ (એનએચએસ)ની હોસ્પિટલ્સને પણ પોતાનું નિશાન બનાવી. ઇંગ્લેન્ડ જેવા વિકસિત દેશની, ઘણે અંશે ઇન્ફર્મેશન ટેક્નોલોજી પર જ ચાલતી હોસ્ટિલ્સનાં તમામ કમ્પ્યુટર્સ બિલકુલ ઠપ થઈ જાય એટલે કેવી અંધાધૂંધી સર્જાય એ વિચારી જુઓ. રેન્સમવેર એટેકને પગલે ઇંગ્લેન્ડની ૩૪ ટકા હોસ્પિટલ્સની કામગીરી ખોરવાઈ ગઈ હતી.

## અત્યારે શું થઈ રહ્યું છે?

હવે આવી રહેલા સમાચાર અનુસાર હેકર્સ વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશન (ડબલ્યુએચઓ)ના નેટવર્ક તથા કોવિડ-૧૯ના ઇલાજ માટે રસી વિક્સાવી રહેલી યુકેની એક રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ પર સાયબરએટેકની કોશિશ કરી ચૂક્યા છે.

ગયા મહિને, એટલે કે માર્ચની ૧૩મી તારીખે એક હેકિંગ ગ્રૂપે ડબલ્યુએચઓની ઇમેઇલ સિસ્ટમ જેવી બનાવટી સિસ્ટમ ધરાવતી એક સાઇટ એક્ટિવેટ કરી હતી. તેનો હેતુ ડબલ્યુએચઓના કર્મચારીઓના ક્રિડેન્શિયલ્સ એટલે કે યૂઝરનેમ-પાસવર્ડ ચોરવાનો હતો. આ એટેક સાયબર એક્સપર્ટ્સના ધ્યાનમાં આવી ગયો એટલે એ હુમલો નિષ્ફળ ગયો.

**કોવિડ-૧૯ની રસી વિક્સાવી રહેલી રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ પરનો હુમલો ખાસ્સો સફળ રહ્યો. આ ઇન્સ્ટિટ્યૂટનો ડેટા હેક કરીને તેના બદલામાં રેન્સમ માગવામાં આવ્યું, પરંતુ ઇન્સ્ટિટ્યૂટે ખંડણી ચૂકવવાનો ઇન્કાર કરતાં હેકર્સે...**

પરંતુ કોવિડ-૧૯ની રસી વિક્સાવી રહેલી રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ પરનો હુમલો ખાસ્સો સફળ રહ્યો. આ ઇન્સ્ટિટ્યૂટનો ડેટા હેક કરીને તેના બદલામાં રેન્સમ માગવામાં આવ્યું, પરંતુ ઇન્સ્ટિટ્યૂટે તેનો ઇન્કાર કરતાં હેકર્સે તેના હજારો દર્દીઓનો અંગત અને મેડિકલ ડેટા ઇન્ટરનેટ પર પબ્લિશ કરી દીધો હતો.

## સામનો કેવી રીતે થઈ રહ્યો છે?

હેકિંગની દુનિયા ત્રણ પ્રકારના લોકોમાં વહેંચાયેલી છે.

એક છે, દુનિયાભરની સરકારો, મિલિટરી, બેન્કિંગ સિસ્ટમ્સ, યુનિવર્સિટી, હોસ્પિટલ્સ, મોટાં બિઝનેસ કોર્પોરેશન્સની માંડીને સાવ સામાન્ય લોકોની કમ્પ્યુટર કે સ્માર્ટફોનમાં છીંડું શોધીને (કે પછી વ્યક્તિગત નબળાઈ જાણીને), પોતાનો લાભ સાધતા હેકર્સ - બીજા શબ્દોમાં ગુનાખોર હેકર્સ.

બીજા છે, સારો ઇરાદો ધરાવતા હેકર્સ. આવા લોકો ગુનાખોર હેકર્સ જેટલું જ તેજ દિમાગ અને ટેકનિકલ સ્કિલ્સ ધરાવતા હોય છે, પણ એ લોકો તેનો અંગત લાભ લેવાને બદલે, સિસ્ટમ હેક કરીને માત્ર જે તે સત્તાધીશોનું ધ્યાન દોરે છે કે તેમની સિસ્ટમમાં ક્યાં ખામીઓ છે અને તેને પૂરવા શું કરવાની જરૂર છે.

ત્રીજા પ્રકારના હેકર્સ, આવા સારો ઇરાદો ધરાવતા હેકર્સ જ છે, પણ તેઓ હજી એક ડગલું આગળ વધીને, જ્યારે 'દુનિયા ખતરામાં હોય' ત્યારે ત્યારે મૂવીઝના સુપર-હીરોની જેમ પોતાના દેશને કે દુનિયાને ખરાબ હેકર્સથી બચાવવા મેદાનમાં આવી જાય છે!

અત્યારે આવી રહેલા સમાચાર મુજબ, કોરોના વાઇરસને પગલે દુનિયાભરનાં મેડિકલ





ઇન્સ્ટિટ્યૂશન્સ ભારે દબાણમાં આવી ગયાં છે અને તેમની સામેના સાયબરએટેક્સ વધી ગયા છે ત્યારે તેમને બચાવવા માટે સાયબરસિક્યોરિટી પ્રોફેશનલ્સ એક્ટિવ થઈ ગયા છે.

સામાન્ય રીતે આ પ્રકારની સાયબરવોરમાં બંને પક્ષ અંધારામાં રહીને જ લડતા હોય છે, પણ આ વખતે હેકર્સનો સામનો કરતા એક્સપર્ટ્સ કોણ છે એ પણ બહાર આવી રહ્યું છે.

ઇઝરાયેલના તેલ અવિવમાં કાર્યરત, ક્લીયરસ્કાય સાયબરસિક્યોરિટી લિમિટેડના નામના એક ઇન્ટેલિજન્સ સ્ટાર્ટઅપના ઓહાદ ઝેઇદેનબર્ગ નામના એક એક્સપર્ટે 'સીટીઆઇ લીગ' નામે એક ટીમ ઊભી કરી છે. સીટીઆઇનો અર્થ છે કાઉન્ટરિંગ થ્રેટ ઇન્ટેલિજન્સ.

માર્ચની ૨૫મી તારીખે રચાયેલી આ લીગમાં માત્ર આમંત્રણથી જોડાઈ શકાય છે અને આ લખાય છે ત્યાં સુધીમાં આખા વિશ્વના, ૪૦થી વધુ દેશોના ૮૦૦થી વધુ સાયબરએક્સપર્ટ્સ તેમાં જોડાઈ ગયા છે. આ લીગમાં માઇક્રોસોફ્ટ અને એમેઝોનના એક્સપર્ટ્સ પણ જોડાઈ રહ્યા છે.




*'સીટીઆઇ લીગ'ની રચના કરનાર ઓહાદ ઝેઇદેનબર્ગ*

આ લીગના એક સભ્યે રોઇટર્સ ન્યૂઝ એજન્સી ને કહ્યું કે કોરોના વાઇરસે આખી દુનિયામાં તરખાટ મચાવ્યા પછી ફિશિંગના પ્રયાસોમાં જે ઉછાળો આવ્યો છે એટલું પ્રમાણ તેમણે આખી જિંદગીમાં ક્યારેય જોયું નથી. તેમના મતે, ''દુનિયામાં જેટલી ભાષા માણસ જાણે છે, લગભગ એ બધી જ ભાષામાં ફિશિંગ મેસેજ ફેલાવા લાગ્યા છે!''

જેના નિશાન પર છીએ આપણે સૌ!

## આપણા પર નિશાન

ઇન્ટરનેટ પર આપણા જેવા સામાન્ય લોકોને શિકાર બનાવવા માટે સામ, દામ, દંડ, ભેદ વગેરે તમામ પ્રકારની પદ્ધતિ કામે લગાડવામાં આવે છે. આમાં લાલચ, ભય અને જિજ્ઞાસા ભલભલાને હેકર્સની જાળમાં ફસાવી શકે છે. અત્યારે કોરોના વાઇરસના ભયમાં, પોતાના ઘરમાં પુરાઈ રહેલા લોકોનું માનસિક સ્વાસ્થ્ય આમ પણ કંઈક અંશે, વધતા ઓછા પ્રમાણમાં કથળેલું હોય તેનો હેકર્સ પૂરો ફાયદો લે છે.

અત્યારે આપણને ફસાવવા માટે કઈ કઈ રીતે જાળ બિછાવવામાં આવે છે અને ક્યાં શું ધ્યાન રાખવું એ જાણીએ.

યાદ રહે, અહીંથી આગળ જે કંઈ લખેલું છે એ સામાન્ય સંજોગોમાં જોવા મળે તો આપણે સૌ સમજી જઈએ કે આ 'નકલી હશે, તરકટી હશે, ચેતવા જેવું છે...', પણ છતાં જે વ્યાપક રીતે આવા પ્રયાસો થાય છે એ જોતાં લાગે છે કે સૌનું ધ્યાન કોઈ બીજા વધુ મહત્ત્વના મુદ્દામાં




પરોવાયેલું હોય ત્યારે લોકો પોતાની સામાન્ય વિવેકબુદ્ધિથી વિચારવાનું ચૂકી જતા હશે!

તમારી સાથે આવું ન બને એ માટે, વાંચો આગળ અને આવું કંઈ તમારા ધ્યાનમાં આવે - વોટ્સએપ, ફેસબુક કે બીજે ક્યાંય, તો તેને સાચું માનશો નહીં અને ફોરવર્ડ પણ ન જ કરશો!

આવી કોઈ પણ વાત સાચી માની તમે તેને ક્લિક કરશો, કોઈ એપ ડાઉનલોડ કરશો, આગળ જઈને રજિસ્ટ્રેશન કરશો કે તમારા ગૂગલ-ફેસબુક કે અન્ય એકાઉન્ટની વિગતો આપશો તો એ એકાઉન્ટ્સ અને તમારા કમ્પ્યુટર/સ્માર્ટફોનમાંની તમારી માહિતી જોખમાઈ જશે એ કહેવાની જરૂર ખરી?

તમે આ લેખ વાંચ્યા પહેલાં, ભૂલમાં આવું કંઈ કર્યું હોય તો હવે શું કરવું એની વાત પણ આગળ કરી છે.

**કોઈ ભેજાબાજે 'કોરોના એન્ટિ-વાઇરસ' વિકસાવીને તેની વેબસાઇટ પણ લોન્ચ કરી છે! સાઇટના હોમપેજ પર 'કોવિડ-૧૯ વાઈરસ સામે શ્રેષ્ઠ રક્ષણ મેળવવા 'આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ આધારિત કોરોના એન્ટિવાઇરસ'ની ડાઉનલોડ લિંક આપી છે!**

## 'કોરોના એન્ટિ-વાઇરસ!'

હા, માનવું મુશ્કેલ છે પણ કોઈ ભેજાબાજે 'કોરોના એન્ટિ-વાઇરસ' વિકસાવીને તેની વેબસાઇટ પણ લોન્ચ કરી છે! સાઇટના હોમપેજ પર 'કોવિડ-૧૯ વાઇરસ સામે શ્રેષ્ઠ સંભવ રક્ષણ મેળવવા માટે 'એઆઇ (આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ!) આધારિત કોરોના એન્ટિવાઇરસ' ડાઉનલોડ કરવા માટે લિંક આપવામાં આવી છે.

સાઇટ પર દાવો કરવામાં આવ્યો છે કે ''હાર્વર્ડ યુનિવર્સિટીના અમારા વિજ્ઞાનીઓ એક વિન્ડોઝ એપની મદદથી વાઇરસ સામે લડવા એક સ્પેશિયલ એઆઇ ડેવલપમેન્ટ પર કામ કરી રહ્યા છે. આ એપ ચાલુ હશે





ત્યાં સુધી તમારું પીસી તમને કોરોના વાઈરસ સામે રક્ષણ આપતું રહેશે.''

દેખીતું છે, આ બધી સદંતર બનાવટ છે.

## 'નેટફ્લિક્સના ફ્રી પાસ'

હેકર્સ આપણા ભય અને લાલચ બંને બરાબર જાણે છે. આથી, આપણને નેટફ્લિક્સ કે તેના જેવી અન્ય ફ્રી સર્વિસના નામે લલચાવવામાં આવે છે. જેવું આ મેસેજમાં કરવામાં આવ્યું છે.

તમને આવો કોઈ મેસેજ મળે તો તેમાં આપેલું યુઆરએલ બરાબર તપાસો. નેટફ્લિક્સનું સાચું યુઆરએલ https://www.netflix.com/ છે. જ્યારે, આ મેસેજમાંનું યુઆરએલ netflix-usa[dot]net લખેલું છે.મતલબ કે આપણને અસલી નહીં પણ બનાવટી સાઇટ પર લઈ જવામાં આવશે.

જો તમે આ લિંક પર ક્લિક કરીને તે સાઇટ પર પહોંચો તો તેમાં 'તમે કોરોનાથી બચવા કેવાં પગલાં લઈ રહ્યા છો?' જેવા કેટલાક સવાલો પૂછવામાં આવે અને પછી એ સાઇટ બીજા ૧૦ મિત્રોને શેર કરવાનું કહેવામાં આવે. એમ કરતાં, આપણે બીજા ૧૦ લોકોને પણ આ જાળમાં ફસાવવામાં નિમિત્ત બનીએ, કેમ કે અંતે આપણા વિશેની માહિતી ચોરવાનો જ આ પ્રયાસ છે.

(મેસેજમાં આવેલી ટૂંકી લિંક કેવી રીતે તપાસી શકાય એ વિશે વધુ જાણો આ લેખમાં)

નેટફ્લિક્સ જેવી કોઈ પણ જાણીતી સર્વિસની સાઇટ પર જવા માટે, ક્યારેય કોઈ લિંક પર ક્લિક કરશો નહીં. તેનું અસલ એડ્રેસ આપણે જાણતા ન હોઈએ તો ગૂગલ પર ફક્ત તેનું નામ સર્ચ કરી લેવું સારું કેમ કે તો સર્ચ રિઝલ્ટ પેજ પર લગભગ પહેલું જ રિઝલ્ટ તેની અસલ વેબસાઇટની લિંક આપશે.

(જોકે કોઈ પણ જાણીતી સર્વિસના કસ્ટમર કેર સેન્ટરનો નંબર ગૂગલ પર શોધશો નહીં. એ જોખમી બની શકે છે - વધુ જાણો આ લેખમાં)

**કોઈ જાણીતી સર્વિસની સાઇટ પર જવા, ક્યારેય કોઈ લિંક પર ક્લિક કરશો નહીં. તેનું અસલ એડ્રેસ જાણતા ન હોઈએ તો ગૂગલ પર તેનું નામ સર્ચ કરી લેવું સારું કેમ કે તો સર્ચ રિઝલ્ટ પેજ પર લગભગ પહેલું જ રિઝલ્ટ તેની અસલ વેબસાઇટની લિંક આપશે.**

Due to the CoronaVirus pandemic worldwide, Netflix is giving some free pass for their platform during the period of isolation. Run on the site cause it will end quick!


https://netflix-usa.net/?free-isolation-period

19:11

## 'કોરોના વાઈરસ ફાઈન્ડર'

ભારતમાં, ભારત સરકારે 'આરોગ્યસેતુ' એપ લોન્ચ કરી તે પહેલાંથી સરકાર નામે એવો મેસેજ ફેલાવવામાં આવી રહ્યો છે કે સરકારે એક સારી પહેલ કરીને તમારું લોકેશન ટ્રેક કરતી એપ લોન્ચ કરી છે, તમે એ ઇન્સ્ટોલ કરશો તો કોરોના ચેપગ્રસ્ત વ્યક્તિ તમારી હજી હશે તો એપ તરત તમને ચેતવશે! ગૂગલ પ્લે સ્ટોરમાંથી આવી સંખ્યાબંધ એપ્સ દૂર કરવામાં આવી છે.

એ જ રીતે, યુકેમાં હજી આગળ




વધીને કોઈ હેકરે લોકોના ડર પર નિશાન તાકતાં, નીચેની ઇમેજ મુજબનો કીમિયો અજમાવ્યો. તેમાં કહેવામાં આવ્યું કે ‘‘તમારા લોકેશન મુજબ, તમારી નજીકમાં ૧૨ લોકોને ચેપ લાગ્યો હોવાનું જણાયું છે - ફક્ત 0.75 પાઉન્ડ ચૂકવીને તેમનાં લોકેશન જાણો!’’

દેખીતું છે કે આવી કોઈ સર્વિસ લોન્ચ કરવામાં આવી નહોતી, પરંતુ કોરોનાથી ડરેલા લોકો ‘બચવા માટે’ નજીવી રકમ ચૂકવવા તૈયાર થઈ જાય. એ માટે તેમણે પોતાના ક્રેડિટ/ડેબિટ કાર્ડ કે નેટ બેન્કિંગનો ઉપયોગ કરવો પડે - હેકર્સને આટલું જ જોઈતું હોય છે!

## ‘મફત મેળવો કોરોના સેફ્ટી માસ્ક’

આ કીમિયામાં લોકોને મફત કોરોનો સેફ્ટી માસ્ક મેળવવાની લાલચ આપવામાં આવી. એ માટે કરવાનું શું?‘ફક્ત એક બટન ક્લિક કરીને એક એપ ડાઉનલોડ કરી, ઇન્સ્ટોલ કરવાની!’.

જો તમે આવા કોઈ મેસેજ પર ક્લિક કરી તમારા ફોનમાં એ એપ ઇન્સ્ટોલ કરો તો - આ એપ કરતી હતી તેમ - તે તરત જ તમારા મોબાઇલમાંના કોન્ટેક્ટ્સ અને




તમારા એસએમએસ વાંચવા અને મોકલવાની મંજૂરી માગે.

આગળ જતાં, મફત માસ્ક મેળવવા માટે આપણી વધુ વિગતો માગવામાં આવે, વધુ સંખ્યામાં અથવા ‘હજી વધુ સલામત ‘મેડિકલી સર્ટિફાઇડ’ માસ્ક સસ્તા ભાવે’ ખરીદવા લલચાવવામાં આવે અને પછી ફરી ક્રેડિટ/ડેબિટ કાર્ડ, નેટ બેન્કિંગની વિગતોનું ચક્કર શરૂ થાય. આપણા કોન્ટેક્ટ્સ અને એસએમએસ મોકલવાની મંજૂરીનો ઉપયોગ કરીને આપણા મિત્રો-સ્વજનોને પણ ફસાવવામાં આવે. એસએમએસ વાંચવાની મજૂરી હજી વધુ જોખમી બની શકે કેમ કે એ રીતે, એપ આપણા વન-ટાઇમ-પાસવર્ડ (ઓટીપી) પણ જાણી શકે.

## ‘કોરોના ટેસ્ટ માટે રેડ ક્રોસની કિટ’

આ પ્રકારના કૌભાંડમાં રેડ ક્રોસ સોસાયટીના નામે કોરોનાના પરીક્ષણ માટેની કિટ વેચવાની ઓફર કરવામાં આવે છે. જે વ્યક્તિ ભરમાઈ જાય એ ‘સસ્તા ભાવે કિટ’ ખરીદવામાં ભરાઈ જાય અને એવી કિટ મેળવે જે ખરેખર કોઈ કામની હોય જ નહીં.

અસલી રેડ ક્રોસ સોસાયટીએ આ કૌભાંડના જવાબમાં, તેણે આવી કોઈ કિટ વેચવાનું શરૂ ન કર્યું હોવાનો ખુલાસો કરવો પડ્યો છે.





## 'ડબલ્યુએચઓનો મેસેજ'

માર્ચ ૧૯, ૨૦૨૦ના રોજ આઇબીએમની સાયબરસિક્યોરિટી પાંખ 'આઇબીએમ એક્સ-ફોર્સ'ના ધ્યાનમાં એક ઈ-મેઇલ આવ્યો. એ મેસેજ ડબલ્યુએચઓ તરફથી અને એમાંય, તેના ડિરેક્ટર જનરલ તરપથી મોકલવામાં આવ્યો હોય એવો દેખાવ ઊભો કરવામાં આવ્યો.

આ ઈ-મેઇલમાં લોકોને કોરોના વાઇરસ સામે કેવી રીતે લડવું તે વિશેના ડબલ્યુએચઓ તરફથી અપડેટ્સ મેળવવા માટે એક એટેચમેન્ટ ઓપન કરવા કહેવામાં આવતું હતું.

આ એટેચમેન્ટ કોઈ વર્ડ કે પીડીએફ ફાઇલ નહોતી, પણ એક પ્રોગ્રામ હતો, જે આપણા પીસીમાં 'કી-લોગર' પ્રોગ્રામ ઇન્સ્ટોલ કરી શકતો હતો, જેની મદદથી, તેને મોકલનાર હેકર આપણા તમામ કી-સ્ટ્રોક પારખીને તેના પરથી આપણી સંવેદનશીલ વિગતો અને સ્ક્રીનશોટ્સ સુદ્ધાં મેળવી શકતા હતા.

## "...નહીંતર કોરોનાનો ચેપ લગાડીશું!"

કેટલીક સાયબરસિક્યોરિટી એજન્સીઝના ધ્યાનમાં એવા ઈ-મેઇલ્સ પણ આવ્યા છે, જેમાં, એ ઈ-મેઇલ મેળવનાર લોકોના

Subject: [YOUR NAME] : [YOUR PASSWORD]

I know every dirty little secret about your life. To prove my point, tell me, does [REDACTED]] ring any bell to you? It was one of your passwords.

What do I know about you?

To start with, I know all of your passwords. I am aware of your whereabouts, what you eat, with whom you talk, every little thing you do in a day.

What am I capable of doing?

If I want, I could even infect your whole family with the CoronaVirus, reveal all of your secrets. There are countless things I can do.

What should you do?

You need to pay me $4000. You'll make the payment via Bitcoin to the below-mentioned address. If you don't know how to do this, search 'how to buy bitcoin' in Google.
Bitcoin Address:
[REDACTED]
(It is cAsE sensitive, so copy and paste it)

You have 24 hours to make the payment. I have a unique pixel within this email message, and right now, I know that you have read this email.

If I do not get the payment:

I will infect every member of your family with the CoronaVirus. No matter how smart you are, believe me, if I want to affect, I can. I will also go ahead and reveal your secrets. I will completely ruin your life.

Nonetheless, if I do get paid, I will erase every little information I have about you immediately. You will never hear from me again. It is a non-negotiable offer, so don't waste my time and yours by replying to this email.

'જૂના પાસવર્ડ' બતાવી પોતે તેમના વિશે ઘણું જાણે છે એવો દાવો કરીને, ૪૦૦૦ ડોલરના બિટકોઈન ચૂકવવામાં ન આવે તો આખા પરિવારને કોરોનાનો ચેપ લગાડી દેવાની ધમકી આપવામાં આવે છે!

આપણે જેનો ઉપયોગ કરતા હોઈએ એવી ઘણી જાણીતી સર્વિસીઝના ડેટા અવારનવાર ચોરાતા હોય છે, જેમાં એ સર્વિસના આપણા યૂઝરનેમ-પાસવર્ડ, ઈ-મેઇલ એડ્રેસ વગેરે પણ હોઈ શકે છે. આવો ચોરાયેલો ડેટા 'ડાર્ક વેબ' પર વેચાતો હોય છે. હેકર્સનો તેનો ઉપયોગ કરીને આ રીતે લોકોને ડરાવી-ધમકાવીને નાણાં પડાવે છે.

અત્યારે કોરોનાનો ભય વ્યાપેલો છે એટલે તેનો ઉપયોગ થયો, બાકી બીજી કોઈ રીતે 'આપણા ભેદ' ખોલી નાખવાનો ડર બતાવવામાં આવે છે.

## 'કોવિડ-૧૯ની રસી ખરીદો'

ઘણા હેકર્સ જે તે દેશની સરકારી આરોગ્ય સંસ્થાઓને નામે 'કોવિડ-

૧૯ની રસી વિકસી ચૂકી છે, આજે જ તમારી રસી રિઝર્વ કરી લો' એવા મેસેજ મોકલી રહ્યા છે. રસી રિઝર્વ કરવા જતાં આપણે બનાવટી સાઇટ પર ઓનલાઇન પેમેન્ટના ચક્કરમાં ફસાઇએ.

### 'રાહત ફંડમાં તમારું યોગદાન આપો'

આપણા દેશમાં વડા પ્રધાન કે મુખ્યમંત્રીના રાહત ભંડોળમાં અક્ષય કુમાર જેવા ફિલ્મ સ્ટાર્સ કે ટાટા ગ્રૂપ જેવાં મોટાં ઉદ્યોગ જૂથો ખરેખર અભૂતપૂર્વ યોગદાન આપી ચૂક્યા છે. તેમના પગલે, ઘણી કંપની અને મોબાઇલ વોલેટ્સમાં પણ લોકોને આ ભંડોળમાં યથાશક્તિ યોગદાન આપવાની વ્યવસ્થા કરવાં આવી છે. આમાં કશું ખોટું કે ગેરકાયદે નથી, પણ આવું યોગદાન સાચી જગ્યાએથી આપવામાં આવે તે જરૂરી છે.

તમારું યોગદાન આપવા માટે કોઈ પણ ભળતી-સળતી લિંક પર ક્લિક કરશો નહીં!

## કોઈ ભૂલ થઈ ગઈ હોય તો...

તમે ભૂલથી કોઈ બનાવટી એપ ડાઉનલોડ કરી હોય, તેને વિવિધ પરમિશન્સ આપી હોય કે તેમાંની લિંક પર જઈને રજિસ્ટ્રેશન કર્યું હોય તો...

- ફોનના સેટિંગ્સમાં જઈ, એપ્સમાં એ એપ શોધી, તેમાં સ્ટોર થયેલો ડેટા-કેશ વગેરે ડિલીટ કરો.
- પછી એ એપ અનઇન્સ્ટોલ કરો.
- જો તમે તમારા ફોનમાં તમારી સંવેદનશીલ માહિતી (બેન્ક ખાતા નંબર, નેટ બેન્કિંગ અને અન્ય વિવિધ સર્વિસના યૂઝરનેમ-પાસવર્ડ વગેરે) ફોનમાં ક્યાંય લખી રાખ્યું હોય તો તેને ડિલીટ કરો.
- આવી જે કોઈ માહિતી ફોનમાં સ્ટોર કરી હોય તેની મૂળ સર્વિસમં જઈને તેના પાસવર્ડ બદલી નાખો.
- ફોનના સેટિંગ્સમાં, પરમિશન્સ સેક્શન શોધી, તમે કઈ કઈ એપ્સને કેવી મંજૂરી આપી છે તે તપાસો. જે એપ્સને એસએમએસ વાંચવાની મંજૂરી આપી હોય તે ખાસ તપાસો અને બિનજરૂરી એપ્સ ડિલીટ કરો અથવા તેની આવી મંજૂરી રદ કરો.
- હેકર તમારા જ નંબરનું ડુપ્લિટેક સિમ મેળવી, તેના પર તમારા ઓટીપી મેળવી શકે છે. તમારા કોઈ ફોન નંબરમાં મોબાઇલ કંપનીનાં સિગ્નલ મળવાનું બંધ થાય તો તરત જ મોબાઇલ કંપનીનું ધ્યાન દોરો.

યાદ રહે - આજના સમયમાં, સોશિયલ ડિસ્ટન્સિંગ જેટલી જ જરૂરી છે ડિજિટલ અવેરનેસ!



**ઇન્ટરનેટની સુવિધા જેટલી ઉપયોગી છે, એટલી જ જોખમી પણ છે.**

'સાયબરસફર'ના 'સાયબરસેફ્ટી વિભાગમાં આ જોખમી પાસાં તથા તેના ઉપાયોની સમજ આપતા લેખો પ્રકાશિત થાય છે. આ વિભાગમાં અત્યાર સુધી પ્રકાશિત તમામ લેખો જુઓ અહીં :
https://cybersafar.com/category/cybersafety





# આપણે શું ધ્યાન રાખવું?

સાયબરફ્રોડના ભોગ બનવું કોઈને પોસાય નહીં, અત્યારના સંજોગમાં તો ખાસ નહીં, કેમ કે હાલની સ્થિતિમાં સાયબરક્રાઇમ અંગેની સમયસર ફરિયાદ નોંધાવવી, આપણી બેંકમાં જાણ કરવી વગેરે વધુ મુશ્કેલ બની શકે છે.

આમ છતાં, જો આપણે સાયબરફ્રોડનો ભોગ બનીએ તો ભારત સરકારના નેશનલ સાયબર ક્રાઇમ રિપોર્ટિંગ પોર્ટલ https://cybercrime.gov.in/ પર ઓનલાઇન ફરિયાદ નોંધાવી શકીએ છીએ. એ ઉપરાંત, ૧૦૦ નંબર પર (ગુજરાતના નવા સાત જિલ્લાઓમાં ૧૧૨ નંબર) પર કોલ કરી પોલીસને જાણ કરી શકીએ છીએ.

**સાવચેતી તરીકે આપણે નીચેનાં પગલાં લઈ શકીએ.**



- વોટ્સએપ કે અન્ય સોશિયલ મીડિયા કે અન્ય કોઈ પણ પ્રકારે આપણા સુધી પહોંચેલા કોઈ મેસેજને, માત્ર એ મેસેજને આધારે સાચો ન માનીએ.
- આ રીતે મળેલી કોઈ ઑફર કે સ્કીમ કે લિંકને ફોરવર્ડ ન કરીએ.
- આ રીતે મળેલી કોઈ પણ લિંક પર ક્લિક ન કરીએ, કોઈ અજાણી એપ ડાઉનલોડ ન કરીએ, તેમાં રજિસ્ટ્રેશન ન કરીએ.



- અજાણ્યા સ્રોત તરફથી આવેલા ઈ-મેઇલ્સ ઓપન ન કરીએ, ભૂલથી ઓપન કરીએ તો તેમાંની લિંક્સ ક્લિક ન કરીએ કે તેમાંના એટેચમેન્ટ્સ ડાઉનલોડ ન કરીએ.
- કોઈ પણ જાણીતી સંસ્થા, સરકારી વિભાગ કે કંપની 'તરફથી આવેલા' મેઇલ્સ કે મેસેજ ખરેખર તેના તરફથી જ આવ્યા છે કે નહીં એ જાણવા તેનું યુઆરએલ એડ્રેસ તપાસીએ. જરૂર હોય તો ડાયરેક્ટ તેની અસલ વેબસાઇટ પર જઈએ, કોઈ લિંક પર ક્લિક કરીને નહીં.
- એકનો એક પાસવર્ડ એકથી વધુ જગ્યાએ ઉપયોગમાં ન લઈએ, મજબૂત પાસવર્ડનો ઉપયોગ કરીએ. શક્ય હોય એટલી બધી જ જગ્યાએ ટુ-સ્ટેપ-વેરિફિકેશનનો ઉપયોગ કરીને આપણા એકાઉન્ટને વધુ સલામત બનાવીએ.
- લોકોમાં વ્યાપક જિજ્ઞાસા કે ભય જગાવે તેવા કોઈ પણ વિષય માટે રાતોરાત અનેક વેબસાઇટ્સ અને એપ્સ ફૂટી નીકળતી હોય છે. કેટલીકનો હેતુ માત્ર પોતાની સાઇટ/એપ પર ટ્રાફિક વધારી, તેના પર જાહેરાતો બતાવીને કમાણી કરવાનો હોય છે, પરંતુ કેટલીકનો હેતુ ગાફેલ લોકોની માહિતી ચોરવાનો કે આર્થિક નુક્સાન પહોંચાડવાનો હોય છે.



- ફોનમાં કોઈ પણ એપ ડાઉનલોડ કરતી વખતે ખાસ સાવચેત રહીએ. બિનજરૂરી કે અજાણી એપ ઇન્સ્ટોલ ન કરીએ. માહિતી મેળવવી જ હોય તો અખબારો, મીડિયા સાઇટ્સ કે ગૂગલ ન્યૂઝ જેવા આધારભૂત સ્રોતનો ઉપયોગ કરીએ.

આજના સમયની, સૌને ઉપયોગી વેબસાઇટ્સ, એપ્સ, સર્વિસીઝ
અને ટેક્નોલોજીનો સરળ, હળવી ભાષામાં પરિચય કરાવતું
આપણી ભાષાનું અનોખું મેગેઝિન

# સાયબરસફર


www.cybersafar.com




સ્વાગત છે આપનું
એક રોમાંચક જ્ઞાનસફર પર!


# સાયબર સફર


**આઠ વર્ષથી ઓનલાઇન અને પ્રિન્ટ સ્વરૂપે**
**નિયમિત રીતે પ્રકાશિત**




**રોજિંદા જીવનમાં, અભ્યાસમાં, કારકિર્દી ઘડતરમાં**
**આજે જે જાણ્યા વિના સહેજ પણ ચાલે નહીં એવા વિષયો...**




**લવાજમની માહિતી અને ઘેરબેઠાં પેમેન્ટ માટે જુઓ**

**https://cybersafar.com/shop**

## સાવધાન! વોટ્સએપમાં કોઈ ગ્રૂપમાં

# ‘ઘરાર’ એડમિન બની તમે જેલમાં જઈ શકો છો!



**ગ્રૂપમાં વાંધાજનક પોસ્ટ માટે એડમિન જવાબદાર છે, પણ તમે કેટલાં ગ્રૂપમાં એડમિન છો એ તમે જાણો છો ખરા?**

અત્યારે ફુરસદનો સમય તમે વધુમાં વધુ વોટ્સએપ પર પસાર કરતા હશો, બરાબર? 'એક કિલો મમરામાં કેટલા મમરા હોય' કે 'એક કિલો રાઈમાં કેટલા દાણા હોય' એવા સવાલો અને એના જવાબોથી માંડીને, 'સ માથે અનુસ્વાર (મીંડું!) આવે એવા જુદા જુદા પ્રકારના શબ્દો' પૂછતા સવાલોની ઝપટમાં તમે પણ આવ્યા હશો.

તો આપો જવાબ એવા વધુ કેટલાક, ગૂગલી સવાલોનો!

પહેલો સવાલ - તમે વોટ્સએપમાં કેટલા ગ્રૂપમાં મેમ્બર છો? તમે જાણો છો? બીજો, હજી વધુ અઘરો સવાલ - એમાંથી કેટલાં ગ્રૂપમાં તમે એડમિન છો, તમે જાણો છો? ત્રીજો, સૌથી અઘરો અને મહત્ત્વનો સવાલ - આગલા બંને સવાલના જવાબ કેવી રીતે જાણવા, એ તમે જાણો છો?

જો ન જાણતા હો, તો વોટ્સએપમાં આવેલા બીજા સવાલોને થોડી વાર પડતા મૂકીને આ સવાલોના જવાબ જાણવાની મથામણ શરૂ કરો. કેમ કે ટૂથબ્રશ, શેવિંગ બ્રશ કે કપડાં ધોવાના બ્રશમાં કેટલાક તાર હોય એ નહીં જાણીએ તો ચાલશે, પણ વોટ્સએપમાં કયા ગ્રૂપમાં આપણે એડમિન છીએ એ નહીં જાણીએ તો કદાચ આપણે જેલમાં જવાનો વારો આવી શકે છે!


વોટ્સએપ પર તમે ખાસ સક્રિય ન હો, સ્વજનો કે મિત્રો સાથે જ ચેટિંગ કરતા હો, ગણ્યાંગાંઠ્યાં ગ્રૂપમાં જ તમે એક્ટિવ હો કે પછી તમારા કોન્ટેક્ટ લિસ્ટમાં જ ઓછા લોકોના નંબર હોય તો એવું ન માનશો કે તમે સલામત છો! તમે પહેલેથી કેટલીક કાળજી ન લીધી હોય તો તમારો ફોન નંબર જાણતી કોઈ પણ વ્યક્તિ તમને પોતાના ગ્રૂપમાં ઉમેરી શકે છે અને એમાં તમને એડમિન પણ બનાવી શકે છે. એ વ્યક્તિ તમને એડમિન ન બનાવે છતાં તમે એ ગ્રૂપના ધરાર એડમિન બનો એવું પણ બની શકે છે!

## વોટ્સએપનો વ્યાપ એ જ જોખમ

ભારતમાં વોટ્સએપની પહોંચ ગજબ છે અને એટલે જ એ ખતરનાક પણ છે. આ એપ પર આવેલા દરેક મેસેજને સાચો માની લેતા લોકોનું પ્રમાણ બહુ મોટું છે (એમાં નાત-જાત, ધર્મ, ઉંમર, આવક, ભણતર વગેરેનો કોઈ ભેદભાવ નથી!) અને આવા મેસેજ ખોટા હશે એમ સમજવા છતાં તેને ફોરવર્ડ કરનારો વર્ગ પણ બહુ મોટો છે.

એટલે વોટ્સએપ પર ફેલાયેલી અફવાઓને કારણે ભારતમાં ટોળાં લોકોની હત્યા કરવા સુધી પહોંચી જાય છે. એ સમયે સરકારના દબાણથી વોટ્સએપ કંપનીએ મેસેજ ફોરવર્ડ કરવા પર અંકુશ મૂક્યા,

## આટલું જરૂર તપાસો










*તમને પોતાના ગ્રૂપમાં કોણ ઉમેરી શકે એ નક્કી કરવા માટે વોટ્સએપના સેટિંગ્સમાં, એકાઉન્ટમાં પ્રાઈવસીમાં જાઓ. હવે ગ્રૂપ્સમાં કોઈ પણ વ્યક્તિ, ફક્ત તમારા કોન્ટેક્સ્ટ, અથવા કોન્ટેક્સમાંથી કોના સિવાય કોણ તમને ગ્રૂપમાં ઉમેરી શકે તે નક્કી કરી લો.*

મેસેજ ફોરવર્ડેડ છે એવું બતાવવાનું શરૂ કર્યું અને વોટ્સએપના જવાબદારીપૂર્વક ઉપયોગ કરવા વિશે અખબાર-ટીવીમાં મોટી જાહેરાતો પણ ચલાવવી પડી.

ચૂંટણી સમયે દરેક પક્ષ વોટ્સએપ પર આખી ફોજ કામે લગાડી દે છે એ પણ આપણે જાણીએ છીએ. આ ફોજના જવાનોએ ફક્ત કેટલાંક ઉંબાડિયાં રમતાં કરવાનાં હોય છે, એને આગ બનાવી દેવા માટે બાકીના લોકો તત્પર જ હોય છે. આવે સમયે અનેક ગ્રૂપ ઊભાં કરવામાં આવે છે અને એમાં જાણ્યા-અજાણ્યા સૌને મેમ્બર બનાવી દેવામાં આવે છે. તમે

થયા. એમાં - વોટ્સએપમાં હંમેશ બને છે તેમ - સત્ય ને અસત્યની ભેળસેળ હોય છે. "પોલીસ ને સરકાર આપણા મેસેજીસ વાંચે છે", વોટ્સએપમાં હંમેશ જોવા મળતા, નિશ્ચિત સંકેત આપતા ટિક્સ ઉપરાંત, "વધારાના ટિક જોવા મળે તો તમારો મેસેજ વાંધાજનક તરીકે નોંધાઈ ગયો છે... ગમે ત્યારે તમારી ધરપકડ થઈ શકે છે..." વગેરે મેસેજની ભરમાર વચ્ચે, સંપૂર્ણ અને નક્કર સત્ય એ જ કે આપણે વોટ્સએપનો જવાબદારીપૂર્વક ઉપયોગ નહીં કરીએ તો ખરેખર મુશ્કેલીમાં મુકાઈ શકીએ છીએ.

સાથોસાથ, ખાસ કરીને વોટ્સએપના એડમિનને ઉદ્દેશીને સ્પષ્ટતા છે કે કોઈ પણ રીતે વાંધાજનક, ઉશ્કેરણીજનક, બદઈરાદાવાળી પોસ્ટ શેર કરવામાં આવશે તો એ યૂઝર અને એડમિન બંને સામે કાયદેસરનાં પગલાં લેવામાં આવી શકે છે.

આવા લોકો સામે કયા કયા કાયદા હેઠળ પગલાં લેવામાં આવી શકે છે તેનું લિસ્ટ તેમાં હોય છે. આ લિસ્ટ લાંબું છે એટલે તેની વિગતમાં અહીં પડતા નથી, પણ લિસ્ટ લાંબું છે એ જ મહત્ત્વનું છે! હવે સમજાયું કે આપણે કયા કયા ગ્રૂપમાં મેમ્બર

**વોટ્સએપમાં કોઈ પણ વ્યક્તિ ગ્રૂપ બનાવીને, બીજી ગમે તે વ્યક્તિને નંબરને આધારે મેમ્બર બનાવી શકે છે. અલબત્ત, હવે તમે ઇચ્છો તો આવું થતું રોકી શકો છો.**

**એ ગ્રૂપમાં કોઈ એક જ વ્યક્તિ એડમિન હોય અને એ ગ્રૂપ છોડી દે, તો પછી ગ્રૂપમાંના અન્ય કોઈ પણ મેમ્બરને આપોઆપ એડમિન બનાવી દેવામાં આવે છે.**

**તમને કોઈ ગ્રૂપમાં મેમ્બર કે એડમિન બનાવવામાં આવ્યા જોવાની જાણ કરવામાં આવે, પણ જો એ જોવાનું તમે ચૂકી જાવ, તો ગ્રૂપમાંની પોસ્ટ્સની જવાબદારી તમારી છે.**

એ જ સમયે છટકો નહીં, તો આગળ જતાં ફસાઈ શકો.

એમ હમણાં કોરોનાના હાહાકારને પગલે વોટ્સએપ પર એટલી અફવાઓ ચાલી કે વોટ્સએપ પર ફરી મેસેજ ફોરવર્ડ કરવા પર અંકુશો આવ્યા.

એ સાથે, વોટ્સએપના સરેરાશ યૂઝર્સ અને ખાસ કરીને વિવિધ ગ્રૂપ્સના એડમિનને ચિંતા કરાવે એવા મેસેજ પણ વોટ્સએપમાં ફરતા

## જોખમ કઈ રીતે છે?

હાલના સંજોગમાં વિવિધ રાજ્યોની પોલીસ વોટ્સએપ અને અન્ય તમામ સોશિયલ મીડિયાના યૂઝર્સ તથા એડમિન માટે 'એડવાઇઝરી' (સલાહ-સૂચનાઓ)જાહેર કરવા લાગી છે. તેમાં સોશિયલ મીડિયાનો કેવી રીતે સમજપૂર્વક ઉપયોગ કરવો તેની વાત છે.

અને ખાસ તો એડમિન છીએ તે જાણવું કેમ જરૂરી છે?

## આવા કિસ્સા બની ચૂક્યા છે

થોડા સમય પહેલાં, અખબારોમાં ચમકેલા સમાચાર અનુસાર મધ્ય પ્રદેશના એક યુવાને પાંચ-છ મહિના જેલમાં રહેવું પડ્યું, કેમ કે તે 'બાય ડિફોલ્ટ' વોટ્સએપના એક ગ્રૂપનો એડમિન બની ગયો હતો, જેમાં વાંધાજનક સામગ્રી શેર કરાઈ હતી.





**આ 'બાય ડિફોલ્ટ' શબ્દની ગંભીરતા બરાબર સમજવા જેવી છે.**

અહેવાલો અનુસાર એ ગ્રૂપમાં વાંધાજનક પોસ્ટ શેર થઈ ત્યારે એ યુવાન તેનો એડમિન નહોતો. જે વ્યક્તિ એડમિન હતી તેણે ગ્રૂપ છોડી દીધું એટલે તેના પછી બીજી કોઈ વ્યક્તિ ગ્રૂપ એડમિન બની. તેણે પણ ગ્રૂપ છોડ્યું, તેના પરિણામે પેલો યુવાન 'બાય ડિફોલ્ટ' એ ગ્રૂપનો એડમિન બની ગયો. તેનો ગુનો એટલો ખરો કે તેણે પોતે એ ગ્રૂપમાં એડમિન બન્યો એ વાતને ગંભીરતાથી લીધી નહીં અને અનુકૂળ ન હોય તો એ ગ્રૂપ છોડવાનું તેણે મુનાસિબ માન્યું નહીં.

હવે આ આખી વાતને તમારા પોતાના દૃષ્ટિકોણથી તપાસી જુઓ. તમને ખાતરીબદ્ધ રીતે ખબર છે કે તમે અત્યારે વોટ્સએપ પર કેટલાં ગ્રૂપ્સમાં મેમ્બર છો અને કેટલાં ગ્રૂપ્સના એડમિન પણ છો?

તમે પોતે શરૂ કરેલા ગ્રૂપના તમે એડમિન હો એ સમજી શકાય પરંતુ વોટ્સએપની તકલીફ એ છે કે તેમાં કોઈ પણ વ્યક્તિ પોતાના મોબાઇલમાં તમારો નંબર સેવ કરીને તમને એ ગ્રૂપના મેમ્બર અને ઇચ્છે તો એડમિન પણ બનાવી શકે છે. તમને મેમ્બર બનાવવામાં આવે ત્યારે તેનો મેસેજ તમને મળે છે. એ સમયે તરત નિર્ણય લઈને એ ગ્રૂપમાંથી નીકળી ન જાવ તો ભવિષ્યમાં મુશ્કેલીમાં મુકાઈ શકો છો.

ઉપરાંત, વોટ્સએપમાં ગ્રૂપ્સ અને વ્યક્તિઓ સાથેના ચેટિંગને અલગ અલગ બતાવવાની કોઈ વ્યવસ્થા નથી. નામ કે પ્રોફાઇલ પિક્ચર પરથી આપણે એ ગ્રૂપ હોવાનું અનુમાન કરી લઈએ એ જુદી વાત, પણ વોટ્સએપ પોતે વ્યક્તિગત ચેટ અને ગ્રૂપ ચેટને સ્પષ્ટ રીતે અલગ બતાવતી નથી.

**વોટ્સએપમાં ગ્રૂપ્સ અને વ્યક્તિઓ સાથેના ચેટિંગને અલગ અલગ બતાવવાની કોઈ વ્યવસ્થા નથી. નામ કે પ્રોફાઇલ પિક્ચર પરથી આપણે એ ગ્રૂપ હોવાનું અનુમાન કરી લઈએ એ જુદી વાત, પણ વોટ્સએપ પોતે...**

આથી તમને કોઈ ગ્રૂપમાં એડમિન બનાવી દેવામાં આવે તો તમે જ્યાં સુધી એ ગ્રૂપની ચેટ ઓપન કરીને તેના નોટિફિકેશન્સ કે ગ્રૂપ ઇન્ફો તપાસો નહીં ત્યાં સુધી તમને કદાચ ખબર પણ ન પડે કે તમે એ ગ્રૂપમાં હવે એડમિન બની ગયા છો!

કોઈ પણ વ્યક્તિ માટે વોટ્સએપ પર દરેક ગ્રૂપ ચેટનું ચોકસાઈભરી રીતે ટ્રેકિંગ કરવું બહુ મુશ્કેલ છે. અલબત્ત, વોટ્સએપે હવે એવી વ્યવસ્થા આપી છે કે તમે કોઈ ગ્રૂપમાંથી નીકળી જાવ તો તમને ધરાર એ ગ્રૂપમાં ફરી જોડવાનું એ ગ્રૂપના એડમિન માટે મુશ્કેલ બને. ફરી મૂળ વાત. તમે વોટ્સએપમાં જઈને જોશો તો એવી કોઈ વ્યવસ્થા નહીં મળે જેને કારણે તમે જે જે ગ્રૂપમાં મેમ્બર હો તેની યાદી સહેલાઈથી જોઈ શકો. તો શું કરશો?





વારંવાર પૂછાતા પ્રશ્નો

જો તમે કોઈ ગ્રૂપમાંથી બહાર નીકળો છો, તો તમને તે ગ્રૂપમાંથી દૂર કરવામાં આવશે. જોકે તમને એ ગ્રૂપ તમારી ચેટ ટેબમાં દેખાતું રહેશે અને તમે એની ચેટ હિસ્ટરી જોઈ શકશો. જો તમે જ એકલા ગ્રૂપ એડમિન હો અને તમે ગ્રૂપમાંથી બહાર નીકળી જાઓ, તો બાકીના સભ્યોમાંથી કોઈની પણ એડમિન તરીકે પસંદગી કરવામાં આવે છે.

## સલામતી માટે શું કરશો?

એક રસ્તો એ કે વોટ્સએપ ઓપન કરી, તેમાં જે તે ગ્રૂપ દેખાય તેની ચેટ ઓપન કરો. તેમાં મથાળે ગ્રૂપના નામ પર ક્લિક કરો અને તમારા ઉપરાંત બીજા કોણ કોણ એ ગ્રૂપમાં છે એ તપાસો. ગ્રૂપમાં કેવા પ્રકારની પોસ્ટ્સ મૂકાય છે એ જુઓ અને ખાસ તો, તમે તેમાં એડમિન છો કે નહીં એ જુઓ. ગ્રૂપ ભરોસાપાત્ર ન લાગે તો તેમાંથી એક્ઝિટ થાઓ અને પછી ગ્રૂપ ડિલીટ કરી દો.


આ રસ્તો સચોટ નથી કેમ કે આ રીતે, માત્ર એક્ટિવ ગ્રૂપ સુધી જ તમે પહોંચી શકશો. થોડા દિવસોથી જેમાં કોઈ પોસ્ટ  મૂકાઈ ન હોય એવાં ગ્રૂપ્સ તમારી નજરમાંથી છટકી જશે.

બીજો રસ્તો એવો છે કે વોટ્સએપની એક સગવડનો આડકતરી રીતે લાભ લઈએ. વોટ્સએપ આપણા કોઈ કોન્ટેક્ટ અને આપણી કેટલાં કોમન ગ્રૂપમાં મેમ્બર છીએ તે બતાવે છે. એ માટે વોટ્સએપમાં કોઈ પણ કોન્ટેક્ટ સર્ચ કરી મથાળે તેમના નામ પર ક્લિક કરતાં, તેમની વિવિધ માહિતી સાથે આપણે અને તેઓ કેટલાં કોમન ગ્રૂપમાં છીએ તે જાણવા મળે છે.

આ સગવડનો લાભ લેવા,



**આપણે કેટલા ગ્રૂપમાં એડમિન છીએ એ સાદી વાત તપાસવી, વોટ્સએપમાં કેટલી મુશ્કેલ બની શકે છે એ જુઓ! વધુ અઘરું ત્યારે બનશે, જ્યારે તમે ઘણાં ગ્રૂપમાં મેમ્બર હશો અને આ દરેક ગ્રૂપ તમારે કેટલીય કિલક કરીને શોધવું પડશે.**



તમારા ફોનની એડ્રેસબુકમાં તમારો નંબર શોધો. બની શકે કે તમને તમારો જ નંબર ન મળે! તો નંબર પહેલાં ઝીરો ઉમેરીને કે પછી દૂર કરીને ફરી સર્ચ કરો. ન મેળ પડે તો છેવટે તમારો જ નંબર 'ટ્રાયલ' જેવા નામથી કોન્ટેક્ટ બુકમાં ઉમેરો. હવે કોન્ટેક્ટ એપમાં જ, એ 'ટ્રાયલ' નંબર વોટ્સએપમાં હોવાનું જાણવા મળશે. તેમાં તે નંબરને વોટ્સએપ મેસેજ મોકલવાની લિંક ક્લિક કરો. આથી વોટ્સએપમાં એ નંબર સાથેનું ચેટપેજ ઓપન થશે. મથાળે એ નંબર પર ક્લિક કરતાં, તેનું ઇન્ફોપેજ ઓપન થશે (જે હકીકતમાં આપણું જ છે!). હવે આ 'નંબર' અને 'આપણે' કેટલા કોમન ગ્રૂપમાં છીએ એ તપાસતાં, આપણે પોતે કેટલા ગ્રૂપમાં છીએ તે ચોક્કસ રીતે જાણવા મળશે. મતલબ કે ઊંધી રીતે વોટ્સએપનો કાન પકડીને તમે જાણી શકશો કે તમે કેટલાં ગ્રૂપમાં મેમ્બર છો. હવે એ ગ્રૂપમાં તમારે રહેવું કે નહીં એ નિર્ણય તમારે કરવાનો.

એક સાદી વાત તપાસવી, વોટ્સએપમાં કેટલી મુશ્કેલ બની શકે છે એ જુઓ! વધુ અઘરું ત્યારે બનશે, જ્યારે તમે ઘણાં ગ્રૂપમાં મેમ્બર હશો અને આ દરેક ગ્રૂપ તમારે કેટલીય ક્લિક કરીને શોધવું પડશે.

વોટ્સએપ સરસ ને ઉપયોગી છે, પણ  તેની વિચિત્રતાઓ (ગમે તેને રેન્ડમલી એડમિન બનાવાય) અને આપણા અવિચારી ઉપયોગથી તે જોખમી બની શકે છે! અન્ય સોશિયલ પ્લેટફોર્મના આવાં જોખમી પાસાં પણ આપણે સમજવાં જરૂરી છે.

# કોરોના જેવા વિષાણુ જન્માવી શકનાર ક્લાઈમેટ ચેન્જ પર નજર રાખતા દરિયાઈ રોબોટ!

સમગ્ર વિશ્વના સમુદ્રો અને મહાસાગરોમાં 'આર્ગો ફ્લોટ્સ' ઉતારીને ક્લાઈમેટ ચેન્જ સંબંધિત ડેટા, વાયા સેટેલાઈટ મેળવવાની અનોખી ટેક્નોલોજી વિશે જાણો



**ડૉ. નિમિત્ત કુમાર**
*વૈજ્ઞાનિક, ઈન્ફોઈસ, હૈદ્રાબાદ*

**ઉત્તર અને દક્ષિણ ધ્રુવોનો અભ્યાસ કરી વિજ્ઞાનીઓએ કહ્યું છે કે સેંકડો મીટર જાડા બરફના પોપડામાં અણદીઠા એવા વિષાણુઓ હજારો–લાખો વર્ષોથી કેદ થયેલા હોઈ શકે છે.**

કોરોના વાઈરસ વિષે દરેક માધ્યમમાં એટલું લખાયું છે કે ફરી તેની વાત અહીં નથી માંડવી. આમ પણ લોકડાઉન દરમ્યાન ઘરમાં પુરાઈને કંઈક નવું જાણવા જ તો 'સાયબરસફર' ખોલતા હોઈએ, બરાબર ને?

SARS-CoV-2 તો ફક્ત પંદર વર્ષ પહેલા જોયેલા વાઈરસ/વિષાણુની સુધારેલી(?) આવૃત્તિ જ છે અને તો પણ વિશ્વભરમાં હાહાકાર મચાવી દીધો છે!કોરોના જેવા કે વધુ ભયંકર ભાવિ ખતરાનું અનુસંધાન તો વૈજ્ઞાનિકો ઘણા સમયથી આપી ચુક્યા છે.

ઉત્તર અને દક્ષિણ ધ્રુવોનો અભ્યાસ કરી તેમણે કહ્યું છે કે સેંકડો મીટર જાડા બરફના પોપડામાં અણદીઠા એવા વિષાણુઓ હજારો–લાખો વર્ષોથી કેદ થયેલા હોઈ શકે છે. આપણી ઉત્ક્રાંતિ દરમ્યાન આવા વિષાણુઓનો ક્યારેય સામનો જ ન થયો હોય એટલે આપણી રોગપ્રતિકારક શક્તિ માટે જાણે સિલેબસ બહારનું પ્રશ્નપત્ર.

ગ્લોબલ વોર્મિંગ જેવા ક્લાઈમેટ ચેન્જને લીધે આ બરફ ઓગળે, વિષાણુઓનો વનવાસ પૂરો થાય અને માનવજાત માટે જીવલેણ સાબિત થાય એ બધું હોલિવુડ ફિલ્મના પ્લોટ જેવું લાગે પણ વાસ્તવિકતાથી જરાય દૂર નથી.

આપણે વાત કરવી છે ક્લાઈમેટ ચેન્જ ઉપર બાજનજર રાખતા દરિયાઈ રોબોટની.

## ક્લાઈમેટ ચેન્જનો અભ્યાસ દરિયાઈ રોબોટથી

રોબોટ શબ્દ વાંચતા જ માનવ શરીરની નકલ સમા યંત્રમાનવો યાદ આવે કે જે લોખંડી હાથ–પગ અને આંખોને સ્થાને બે લાઈટ (અથવા હવે કેમેરા) ધરાવતા હોય. પણ રોબોટિક્સ ટેક્નોલોજી

વિજ્ઞાનકથાઓથી ઘણી આગળ નીકળી ચુકી છે.

કારખાનામાં રોબોટ માત્ર એક રોબોટીક આર્મ (હાથો) જ હોય જે દિવસ-રાત મોટરકારોનું ઉત્પાદ કર્યા કરે એમ દરિયાઈ સંશોધનો માટેના રોબોટ એટલે એન્ટેના-ધારી નળાકાર જેવા ''આર્ગો ફ્લોટ્સ''.

ગ્રીક પુરાણના એક વહાણ ઉપરથી જેનું નામ પડ્યું એ આર્ગો ફ્લોટ અંદરથી કેવી રચના ધરાવે છે એ અહીં ચિત્રમાં દર્શાવ્યું છે.

## આર્ગો ફ્લોટ્સની રચના

અલગ અલગ કંપનીઓ અને વૈજ્ઞાનિકો જેમાં પોતાની રીતે થોડા ઘણા ફેરફાર કરે એ મૂળભૂત ડિઝાઈનમાં ઉપરના ભાગે વિવિધ સેન્સરો અને એન્ટેના હોય છે.


સૌથી નીચે વર્ષો સુધી કામ આપનાર વજનદાર બેટરીઓ હોય છે જેથી ફ્લોટનું ગુરુત્વમધ્યબિંદુ શક્ય એટલું નીચે રહે અને ફ્લોટ સ્થિર/ટટ્ટાર રહે.

વચ્ચેના ભાગમાં હાઈડ્રોલિક પમ્પ હોય છે, જેનું કામ જરૂર મુજબ તેની નીચે આવેલ બ્લેડર/ફુગ્ગાનું કદ વધારવાનું કે ઘટાડવાનું હોય છે.


આ જ કાર્યરચના એનિમેશન રૂપે જોવી હોય તો http://www.argo.ucsd.edu/float_csection.gif ઉપર ક્લિક કરો.

આ ગોઠવણી મુજબ આર્ગોની

## દરિયાના પેટાળમાંથી માહિતી એકઠી કરતા આર્ગો ફ્લોટની આંતરિક રચના




આ જ કાર્યરચના એનિમેશન રૂપે જોવા માટે
http://www.argo.ucsd.edu/float_csection.gif
ઉપર ક્લિક કરો.




**આર્ગો ફ્લોટને દરિયામાં છુટ્ટો મુકી દીધા પછી અને કમ્યુનિકેશન વગેરે ટેસ્ટિંગ કરી લીધા પછી વર્ષોવર્ષ સુધી પ્રોફાઈલિંગ કહેવાતી ઘટમાળની શરૂઆત થાય છે**

કામગીરી જોઈએ એટલે તરત સ્વાભાવિક લાગે કે આર્ગોને દરિયામાં છુટ્ટો મુકી દીધા પછી અને કમ્યુનિકેશન વગેરે ટેસ્ટિંગ કરી લીધા પછી વર્ષોવર્ષ સુધી પ્રોફાઈલિંગ કહેવાતી ઘટમાળની શરૂઆત થાય છે. (જુઓ ઉપરની તસવીર).

દરેક સાયકલ આશરે દસેક દિવસની હોય છે. પાણીની સપાટી પર રહેલ આર્ગોય ફ્લોટ સૌથી પહેલાં પાર્કિંગ ડેપ્થ કહેવાતી એકાદ કિલોમીટરની ઊંડાઈએ સરકી જાય છે અને ત્યાં આઠ-નવ દિવસ વિતાવે છે.

આટલી ઊંડાઈએ પ્રવાહ (કરંટ) ખાસ ન હોય એટલે જે વિસ્તારમાં આર્ગોએ ડેટા એકઠા કરવાના હોય તેમાં દૂર-દૂરના પ્રદેશોમાં તણાઈ જવાનો ભય રહેતો નથી.

વળી, છિછરા પાણીમાં હવામાન (દા.ત. વાવાઝોડું) વગેરેની વધુમાં વધુ અસર રહે, જે એક કિલોમીટર નીચે નહીંવત હોય.

દસમા દિવસે ફ્લોટની ઘડિયાળનો જાણે અલાર્મ વાગે એટલે ફ્લોટ વધુ એક કિલોમીટર નીચે તરફ પ્રયાણ કરે. બે હજાર મીટરની ઉંડાઈએ પહોંચ્યા પછી ઉપર તરફની યાત્રા શરુ થાય જે કલાકો સુધી ચાલે. દરિયાના વિવિધ માપનો લેવાનું કામ સેન્સરો આ સમયે જ કરે.


ફ્લોટ ઉપર તરફ જાય એટલે ટોચ ઉપર બેઠેલા સેન્સરોને જરાપણ ન ડહોળાયેલા પાણીના ડેટા એકઠા કરવા મળે.

સપાટી પર પહોંચ્યા બાદ ''હું અહીં છું''નો સાદ આર્ગો ફ્લોટ બીપ... બીપ... સ્વરુપના સિગ્નલો દ્વારા મોકલે જે ઉપરથી પસાર થતા સેટેલાઈટ ઝીલે એટલે સંપર્ક સેતુ બંધાય અને શરૂ થાય એકઠા કરેલા ડેટાનું ટ્રાન્સફર. એ થઈ જાય એટલે ફરી શરૂ થાય બીજા દસ દીવસની નવી સાયકલ.

## વિવિધ દેશો તરફથી માર્ચ, ૨૦૨૦ સુધીમાં તરતા મુકવામાં આવેલ આર્ગો ફ્લોટ્સ

બે દશકા પહેલા શરૂ થયેલા આર્ગો કાર્યક્રમની હેઠળ મહાસાગરોનો લગભગ દરેક ખૂણો આવરી લેવાયો છે (જુઓ પછીના પેજ પરની તસવીર).

સમય સાથે ક્યા વિસ્તારમાં કેટલા આર્ગો ફ્લોટ છોડવામાં




આવ્યા તે જાણવામાં રસ હોય તો એક સુંદર ટચુકડી એનિમેશન ફિલ્મ http://www.pac.dfo-mpo.gc.ca/science/oceans/data/projects/argo/movies/World.avi ઉપરથી ડાઉનલોડ કરીને જોઈ શકાય છે.


વિચારો જરા, દુનિયાભરના દરિયાઓમાં હજારો સ્થળોએથી નિરંતર ડેટા એકઠા કરવા હોય તો કેટકેટલાં જહાજો અને સંશોધકોને ડ્યુટી ઉપર લગાવવા પડે? તેમાં પણ ખરાબ હવામાન જેવા અવરોધો તો ખરા જ! આ કામ વણથંભ્યે આર્ગો ફ્લોટ સિવાય કોણ કરી શકે?

વળી, નવી ટેકનોલોજી ધરાવતા ફ્લોટને તો ટુ-વે કમ્યુનિકેશનનો લાભ હોય છે.

એટલે માનો કે કોઈ ફ્લોટના વિસ્તારમાંથી વાવાઝોડું પસાર થવાનું હોય તો વૈજ્ઞાનિકો તેના બેઝિક પ્રોગ્રામમાં ફેરફાર કરીને સતત અમુક તમુક ઉંડાઇ (દા.ત. ઉપરના ૫૦૦ મીટર)ના ડેટા રોજબરોજ એકઠા કરવાનો કમાન્ડ પણ આપી શકે એટલે વાવાઝોડાના પસાર થવાથી દરિયામાં થતા ફેરફારોનો સચોટ અભ્યાસ થઇ શકે.

આર્ગો ફ્લોટના ડેટા અલ નીન્યો, દરિયાની ગરમી શોષવાની ક્ષમતા વગેરે ભાતભાતના સંશોધનોમાં હવે અનિવાર્ય થઇ પડ્યા છે.

આ આઠવાડિયે આપણા હવામાન ખાતાએ વર્ષ ૨૦૨૦ના ચોમાસાનો પહેલો વર્તારો આપ્યો, તે મોડેલ યોગ્ય રીતે ચલાવવામાં પણ આર્ગો ફ્લોટના ડેટા અચુક જોઈએ જ. છે ને રોબોટ પાવર માનવજાતની સેવામાં હાજરાહજુર!




# જાતે જુઓ આર્ગો ફ્લોટનો ડેટા!

**ઇન્ટરનેટની મજા એ છે કે હવે સંશોધનો માત્ર વૈજ્ઞાનિકો પૂરતાં સીમિત રહ્યાં છે. આપણે પણ તેમાં વિવિધ રીતે ભાગ લઈ શકીએ છીએ અને સંશોધનોની પ્રક્રિયા, પરિણામો વગેરે વધુ નજીકથી જોઈ શકીએ છીએ.**

દરિયાઈ સૃષ્ટિનો અભ્યાસ કરતા રોબોટ્સ વિશેનો આ લેખ વાંચીને લીધે અંદરનો વૈજ્ઞાનિક જાગી ઉઠ્યો હોય તો જિજ્ઞાસા સંતોષવા માટે ઉત્તમ વાત એ કે આર્ગો ફ્લોટના ડેટા બધાને માટે ઉપલબ્ધ છે!


અહીં ઇન્કોઇસ દ્વારા ગુજરાતની એક્દમ નજીક ગયા વર્ષે છોડવામાં આવેલા આર્ગો ફ્લોટ (WMO ID: 2902275)નું ઉદાહરણ લઈએ.

સૌથી પહેલાં બ્રાઉઝરમાં તેનું ડેશબોર્ડ https://fleetmonitoring.euro-argo.eu/dashboard ખોલો.

અહીં સૌથી ડાબી તરફની પેનલમાં અનેકવિધ ઓપ્શન આપેલા છે તેમાંથી એક્ટિવ ચેક-બોક્સ પર ટિક કરો.

વચલી પેનલ આર્ગો ફ્લોટની વિગત બતાવે છે, જ્યારે જમણી તરફ નકશો આપમેળે અપડેટ થતો રહેશે. ડાબે 'ઇન્ડિયન ઓશન' પસંદ કરવાથી માત્ર હિંદ મહાસાગરના ફ્લોટનું લિસ્ટ મળશે. નકશા/મેપને મોટો કરવા કેસરી સ્લાઇડરને ડાબે પણ સરકાવી શકાય છે.

હવે મેપને ગૂગલ મેપની જેમ જ ઉપયોગ કરી ગુજરાત સુધી ઝૂમઇન કરો. અંદાજે પોરબંદરની સામે એક




પીળો આઇકન દેખાશે તેના પર ક્લિક કરવાથી એક બોક્સ ખુલશે.

લીલો કલર બતાવે છે કે ફ્લોટ એક્ટિવ છે. તેમાં ફ્લોટની અત્યાર સુધીની સફર જોવા માટે 'Show Trajectory' પર ક્લિક કરો. છેલ્લી ડેટા પ્રોફાઇલ (આ લખાય છે ત્યારે) ૬૭ નંબરની છે જે ૧૦ એપ્રિલના રોજ લેવામાં આવી હતી.

હવે વચ્ચેની પેનલમાંથી ID નંબર 2902275 શોધી કાઢો. તેના માટે WMO ઉપર ક્લિક કરી ID મુજબ સોર્ટ કરીને 2902275 સુધી સ્ક્રોલ કરો. એ ક્લિક કરતાં જ માહિતીઓ જાણે પટારો ખુલ્યો!

ઉપરથી નીચે સુધી સ્ક્રોલ કરો એટલે ફ્લોટે અત્યાર સુધી એકઠા કરેલા દરેક ડેટા તમારા સ્ક્રીન ઉપર!

કોઈ એક પ્રોફાઇલ (દા.ત. નં ૬૭) ના ડેટા જોવા હોય તો તેના પર ક્લિક કરતાં એ પણ ગ્રાફ હાજર.


આમાંથી કોઇ એક પ્રોફાઇલ (કે પછી બધી) ડાઉનલોડ કરવા માટે પણ ASCII કે પછી NetCDF જેવા ઓપ્શન મળે.

આવું જ બીજું એક રસપ્રદ પોર્ટલ http://www.jcommops.org/board?t=argo છે જે નેવિગેટ કરવું ગૂગલ મેપ જેવું જ છે એટલે ઉપર આપેલા WMO ID માટે તેને એક્સ્પ્લોર કરવું એ અમારા તરફથી વાચકો માટેની બ્રેઇનસ્ટોર્મિંગ એક્સરસાઇઝ!

## રસ પડ્યો? વધુ વાંચો :

1. https://en.wikipedia.org/wiki/Severe_acute_respiratory_syndrome_coronavirus_2
2. https://en.wikipedia.org/wiki/Argo_(oceanography)

# લોકડાઉનમાં આવ્યો વીડિયો કોલિંગનો જુવાળ



**લોકડાઉન અને સોશિયલ ડિસ્ટન્સિંગ – બંનેને પગલે ભારતમાં અને અન્ય દેશોમાં લોકો બિઝનેસને ધમધમતો રાખવા અને નિકટના સ્વજનો સાથે જીવંત સંપર્ક રાખવા વીડિયો કૉન્ફરન્સિંગ સર્વિસ તરફ વળી રહ્યા છે.**

ભારતમાં ગૂગલ પ્લે સ્ટોર પરથી સૌથી વધુ ડાઉનલોડ થયેલી એપ કઈ છે, જાણો છો? આમ તો આપણા દેશમાં ટિકટોક, ઇન્સ્ટાગ્રામ અને વોટ્સએપ જેવી એપની બોલબાલા છે, પણ કોરોના વાઇરસે આખા દેશમાં લોકડાઉન સર્જ્યા પછી, લોકો 'ઝૂમ ક્લાઉડ મીટિંગ્સ' નામની એક એપ તરફ વળ્યા છે. આ એપ વીડિયો કોન્ફરન્સિંગની સુવિધા આપે છે. આ એપનો પ્લે સ્ટોર પર ડાઉનલોડ આંકડો પાંચ કરોડને ઓળંગી ગયો છે!

આમ જુઓ તો વીડિયો કોન્ફરન્સિંગની સુવિધા તો ઘણી એપ્સ આપે છે, જેમાંની ઘણી તો પહેલેથી આપણા ફોનમાં બિરાજમાન છે, એટલે ઝૂમ જેવી વધારાની વીડિયો કોન્ફરન્સિંગ એપ આટલા મોટા પ્રમાણમાં ડાઉનલોડ થવાનું કોઈ ખાસ કારણ?

કારણ એ કે આ એપ જેટલી મોટી સંખ્યામાં લોકોને એક સાથે ગ્રૂપ વીડિયો કોલિંગ કરવાની સગવડ આપે છે – એ પણ મફતમાં – એટલી બીજી કોઈ એપ આપતી નથી. ઝૂમ એપમાં ફ્રી એકાઉન્ટમાં પણ એક સાથે ૧૦૦ લોકો વીડિયો કોન્ફરન્સ કરી શકે છે. એટલે ખાસ કરીને સ્કૂલ્સ અને મોટા બિઝનેસીસને ઝૂમમાં ખાસ રસ પડ્યો છે. હવે સંખ્યાબંધ સ્કૂલ્સે ઝૂમ એપની મદદથી, સ્ટુડન્ટ્સ સાથે વીડિયો ક્લાસ શરૂ કરી દીધા છે.

ઝૂમ મોટી સંખ્યામાં ગ્રૂપ કોલિંગની સગવડ આપે છે, તેમાં સ્કૂલ કે બિઝનેસને ઉપયોગી થાય એવાં સંખ્યાબંધ ફીચર્સ છે એની ના નહીં, પણ સિક્યોરિટીની બાબતે આ એપ સામે અત્યારે આખી દુનિયામાં ગંભીર સવાલો ઊઠી રહ્યા છે.

જોકે ઝૂમની સાથોસાથ અન્ય વીડિયો કોન્ફરન્સિંગ એપ્સનો ઉપયોગ પણ જબરજસ્ત વધી રહ્યો છે. માર્ચ ૧૪થી ૨૧ના એક જ અઠવાડિયામાં બિઝનેસ કોન્ફરન્સિંગ એપ્સના ડાઉનલોડની સંખ્યા આખા વિશ્વમાં ૬.૨ કરોડને આંબી ગઈ – યાદ રહે, આ એક જ અઠવાડિયાના આંકડા છે! તેના આગલા અઠવાડિયા કરતાં આ આંક ૪૫ ટકા વધુ હતો અને ૨૦૧૯ની સરેરાશ સાપ્તાહિક ડાઉનલોડ સંખ્યા કરતાં ૯૦ ટકા વધુ હતો.

**માર્ચ ૧૪થી ૨૧ના એક જ અઠવાડિયામાં બિઝનેસ કોન્ફરન્સિંગ એપ્સના ડાઉનલોડની સંખ્યા આખા વિશ્વમાં ૬.૨ કરોડને આંબી ગઈ – યાદ રહે, આ એક જ અઠવાડિયાના આંકડા છે!**

## ગ્રૂપ વીડિયોનો આ જુવાળ ટકશે?

વીડિયો કૉલિંગનો આ જુવાળ ખરેખર કેટલું ટકશે એ જોવું રસપ્રદ રહેશે.

અત્યારે તો સ્કૂલ્સ, ટ્યૂશન ક્લાસિસ અને બિઝનેસ ઓર્ગેનાઇઝેશન્સ ઉપરાંત નવું સવું વર્ક-ફ્રોમ-હોમ કરી રહેલા લોકો પોતાના કામકાજ માટે આવી એપ્સ તરફ વળી રહ્યા છે અને એ સિવાય, ઘરમાં પુરાઈ ગયેલા લોકો બે-ઘડી ટાઈમ પાસ કરવા માટે વીડિયો ગ્રૂપ કૉલિંગ પર હાથ અજમાવી રહ્યા છે.

ઘણી ખરી એપ્સમાં આ પ્રકારે ગ્રૂપ કૉલિંગની પ્રોસેસ ખાસ્સી સહેલી હોવા છતાં, વડીલો તેમાં ગોથાં ખાઈ રહ્યા છે અને યંગ જનરેશન તેમને ગ્રૂપ કૉલિંગ શીખવવા મથીને પોતાને ટાઇમ પાસ કરે છે.

આવું ગ્રૂપ કૉલિંગ ઘણું કરીને મોબાઇલના નાના સ્ક્રીન પર થાય છે એટલે તેમાં ૧૦-૧૨ લોકોની ભીડ થતાં વાત ખરા અર્થમાં મુશ્કેલ બને છે! ગ્રૂપ વીડિયો કૉલિંગનો લગભગ કોઈને અનુભવ ન હોવાથી સૌ સાથે મળી ગોકીરો મચાવે એટલે ખરેખરી વાત સંભવ થતી નથી.

એમાં વળી, ઇન્ટરનેટનાં નબળાં સિગ્નલને કારણે વારેવારે વીડિયો ફ્રીઝ થાય, ફોનને સ્થિર રાખવાની ટેવ નહીં, ફોનનો યોગ્ય એંગલ કે પોતે યોગ્ય લાઇટિંગમાં ઊભા રહેવાની ટેવ નહીં વગેરે કારણે અત્યારે તો ગ્રૂપ વીડિયો કૉલિંગ માત્ર મસ્તી-મજાકનું સાધન છે.

## બિઝનેસ માટે ગ્રૂપ વીડિયો વરદાન

બિઝનેસમાં વીડિયો મીટિંગનો ટ્રેન્ડ હવે જામી જાય એવી પૂરી શક્યતા છે. ખાસ કરીને દુનિયાભરમાં પથરાયેલી ટીમ્સ ઘણા સમયથી વીડિયો મીટિંગ તરફ વળી ગઈ હતી, હવે વર્ક-ફ્રોમ-હોમનો ટ્રેન્ડ પણ વધશે તો તેમાં વીડિયો કૉલિંગ ખાસ્સું ઉપયોગી થશે એ નક્કી છે.

જો તમારું ફોકસ ખરેખર સીરિયસ બિઝનેસ વીડિયો મીટિંગ્સ હોય અને ભાગ લેનારા લોકોની સંખ્યા ઝાઝી ન હોય તો તમારે માટે સ્કાઇપ, ગૂગલ હેંગઆઉટ કે ઝુમ જેવા વિકલ્પો પણ છે.

એ સિવાય ફેસટાઇમ, સ્લેક, માઇક્રોસોફ્ટ ટીમ્સ જેવા વિકલ્પો પણ છે. તમને જાણીને નવાઈ લાગશે કે ગૂગલ હેંગઆઉટ કે માઇક્રોસોફ્ટ ટીમ્સના પેઇડ વર્ઝનમાં એક સાથે ૨૫૦ મેમ્બર્સ વચ્ચે વીડિયો કોન્ફરન્સિંગ થઈ શકે છે.

ટીમ્સના કિસ્સામાં એપ માઇક્રોસોફ્ટની હોવાથી ચાલુ મીટિંગે ઓફિસ ડોક્યુમેન્ટ્સની ફટાફટ આપલે કરવા જેવાં ફીચર્સ પણ તેમાં સામેલ છે!

જો તમારે ફક્ત બે-ચાર વ્યક્તિ વચ્ચે જ, પ્રમાણમાં ઇન્ફોર્મલ મીટિંગ કરવી હોય તો વોટ્સએપ પણ હાથવગી છે જ! તેમ, હમણાં ફેસબુકે તેની મેસેન્જર સર્વિસ માટે ડેસ્કટોપ એપ પણ લોન્ચ કરી છે, જેને માઇક્રોસોફ્ટના સ્ટોર અને મેક એપ સ્ટોર પરથી ડાઉનલોડ કરી શકાય છે. તેના મોબાઇલ અને વેબ વર્ઝનની જેમ, આ એપમાં પણ મિત્રો સાથે વીડિયો કોલિંગની સુવિધા છે.

## વીડિયો સોશિયલ સાઇટ્સ

એ પણ નોંધવા જેવું છે કે પર્સનલ ગ્રૂપ વીડિયો કૉલિંગ અને બિઝનેસ કોન્ફરન્સિંગ એપ્સ ઉપરાંત, માત્ર વીડિયો આધારિત સોશિયલ મીડિયા સાઇટ્સનો ઉપયોગ પણ જબરો વધી રહ્યો છે.

યુટ્યૂબ પણ એક પ્રકારે વીડિયો આધારિત સોશિયલ મીડિયા છે,



અન્ય સોશિયલ સાઇટ્સ પર પણ વીડિયોનો ઉપયોગ કરી જ શકાય છે, પણ આ વાત અલગ પ્રકારની વીડિયો સોશિયલ સાઇટની છે.

આવી એપ બિઝનેસ કોન્ફરન્સિંગને બદલે સોશિયલ ગપસપ પર વધારે ફોકસ્ડ છે. તમે આવી એપ ફોનમાં ઇન્સ્ટોલ કરી લોન્ચ કરો, તમારા કોન્ટેક્ટ્સની એક્સેસ આપો એટલે વોટ્સએપ જેવી એપની જેમ, તમારા કયા કયા કોન્ટેક્ટ્સ આ એપનો ઉપયોગ કરી રહ્યા છે તે જાણવા મળે.

એપ પર લાઇવ પાર્ટીઝ પણ ચાલતી હોય એટલે કે કોઈ પણ ગ્રૂપ વીડિયો કૉલમાં તમે જોડાઈ શકો. એપમાં જ, એકબીજાથી દૂર બેઠાં બેઠાં, છતાં સાથે મળીને રમી શકાય એવી ગેમ્સ પણ ઉમેરાઈ રહી છે.

લોકડાઉન અને સોશિયલ ડિસ્ટન્સિંગના સમયમાં લોકોને આથી વધુ શું જોઈએ?

'હાઉસપાર્ટી' નામની આવી એક એપ ખાસ કરીને યુરોપમાં જબરી લોકપ્રિય થઈ છે.

કોરોના વાઇરસના હાહાકાર પહેલાં ખાસ જાણીતી નહોતી એવી આ એપનું ડાઉનલોડિંગ ઇટાલીમાં એક જ અઠવાડિયામાં ૪૨૩ ગણું વધી ગયું!

## ગૂગલ ડ્યુઓ પારિવારિક ઉપયોગ માટે એકદમ સરળ

મિત્રો કે પરિવારજનો સાથે મફત અને સરળ ગ્રૂપ વીડિયો કૉલિંગ કરવું હોય તો ગૂગલ ડ્યુઓ તમારા માટે પૂરતી થઈ રહે તેવી સર્વિસ છે. આ એપનો ઉપયોગ કરવા માટે તમારી પાસે ગૂગલનું એકાઉન્ટ હોવું જરૂરી છે, જે એન્ડ્રોઇડનો ઉપયોગ કરતા લોકો પાસે હોય જ.

તમારા ફોનમાં આ એપ ન હોય તો તે પ્લે સ્ટોરમાંથી ડાઉનલોડ કરીને ઓપન કરો એટલે તમારા કોન્ટેક્ટ્સમાંના જેટલા લોકો ડ્યુઓનો ઉપયોગ કરતા હોય તેમનાં નામ જોવા મળે. એમાં જેમનાં નામ જોવા ન મળે એ લોકો જો તમારા કોન્ટેક્ટ્સમાં હોય તો તેમને તમે ડ્યુઓનો ઉપયોગ કરવા માટે ઇન્વાઇટ કરી શકો.

પછી તમે પોતે ડ્યુઓ એપમાં 'ક્રિએટ ગ્રૂપ' પર ક્લિક કરી, જે લોકોને તે ગ્રૂપમાં ઉમેરવા માગતા હો તેમનાં નામ સિલેક્ટ કરીને ગ્રૂપ બનાવી લો. આ દરમિયાન, જે



લોકોને તમે ડ્યુઓ માટે ઇન્વાઇટ કર્યા હોય તે લોકો તમારી લિંક ઓપન કરી મોબાઇલ નંબરથી ડ્યુઓમાં એક્ટિવ થઈ શકે. હવે તમે ક્રિએટ કરેલા ગ્રૂપ પર ક્લિક કરી, તેની મીટિંગ શરૂ કરો કરો એટલે ગ્રૂપમાં તમે સામેલ કરેલા લોકોને રિંગ જાય અને તેઓ પણ ગ્રૂપ વીડિયો કોલિંગમાં જોડાઈ શકે. ડ્યુઓમાં અત્યારે એક સાથે ૧૨ લોકો ગ્રૂપ વીડિયોમાં જોડાઈ શકે છે. ડ્યુઓનો વેબ પર એટલે કે પીસી કે લેપટોપમાં ઉપયોગ કરી શકાય છે.

ડ્યુઓ ઇન્ફોર્મલ મીટિંગ માટે હોવાથી તેમાં તમે ઇચ્છો તો વિવિધ ઇફેક્ટ્સનો ઉપયોગ કરી શકો છો, એટલે ચાહો તો તમારો ચહેરો સ્પેસસૂટમાં દેખાય એવી ઇફેક્ટ આપી શકો! ટેક્નોલોજીની મજા એ છે કે આવી ઇફેક્ટ તમારા ચહેરા પર હોય ત્યારે તમે ચહેરાને જે રીતે ફેરવો કે ભવાં ઊંચાંનીચાં કરો એ રીતે તેની ઇફેક્ટ પણ ફેરવાય!

પારિવારિક કૉલિંગ માટે સિમ્પલ અને મજાની એપ.


# ઝૂમ ખાસ્સાં ફીચર્સ, પણ એટલી જ વિવાદાસ્પદ

અત્યારે દુનિયાભરમાં વિવિધ બિઝનેસ અને સ્કૂલ્સમાં 'ઝૂમ' સૌથી લોકપ્રિય છે. તેમાં એક સાથે ૧૦૦ લોકો વચ્ચે વીડિયો કોન્ફરન્સિંગ કરી શકાય છે.

જોકે, ત્રણ કે વધુ લોકો વધુમાં વધુ ૪૦ મિનિટ સુધી ફ્રી કોન્ફરન્સ ચલાવી શકે છે. આ મર્યાદા પૂરી થયા પછી તરત નવી ફ્રી કોન્ફરન્સ પણ શરૂ કરી શકાય.

ઝૂમ મીટિંગમાં ભાગ લેનારા લોકો પીસી/લેપટોપમાં કે તેની એન્ડ્રોઇડ, આઇફોન એપનો ઉપયોગ કરી શકે છે.

ઝૂમમાં કોઈ એક વ્યક્તિ એકાઉન્ટ ક્રિએટ કરીને તેમાં વીડિયો મીટિંગ શરૂ કરે અને તેની લિંક બીજી વ્યક્તિનો મોકલે (ધારો કે વોટ્સએપ દ્વારા) તો તે બીજી વ્યક્તિને ઝૂમ એપ ડાઉનલોડ કરવાની લિંક પણ સાથે મળે. બીજી વ્યક્તિઓ એપ ડાઉનલોડ કરી, 'જોઇન મીટિંગ' પર ક્લિક કરી મીટિંગમાં જોડાઈ શકે. સ્કૂલ્સ અને બિઝનેસ ઓર્ગેનાઇઝેશન મીટિંગને સંપૂર્ણ પ્રાઈવેટ રાખવા માટે, તેનો પાસવર્ડ




સેટ કરીને પછી મીટિંગ લિંક, આઇડી અને પાસવર્ડ અન્ય લોકોને મોકલી શકે છે (વિવાદને પગલે હવે આ વ્યવસ્થા બધી મીટિંગ માટે મળશે).

ઝૂમ ક્લાઉડ મીટિંગ્સ એપ ખાસ તો બિઝનેસ પર ફોકસ્ડ છે એટલે તેમાં વીડિયો/ઓડિયો રેકોર્ડિંગ, સ્ક્રીન શેરિંગ, મીટિંગ હોસ્ટ કરતી વ્યક્તિ અન્ય મેમ્બર્સને મ્યૂટ/અનમ્યૂટ કરી શકે, વીડિયો બંધ કરીને માત્ર ઓડિયો શેરિંગ ચાલુ રાખી શકે વગેરે ફીચર્સ છે, જે અન્ય ઇન્ફોર્મલ ગ્રૂપ વીડિયો કૉલિંગ એપ્સમાં સામાન્ય રીતે મળતાં નથી. તેના ફ્રી એકાઉન્ટમાં પણ વીડિયો કે ઓડિયોને તમારા ડિવાઇસમાં રેકોર્ડ કરી શકાય છે અને ઇચ્છો ત્યારે તમારા સ્ક્રીનને અન્યો સાથે શેર કરી શકો છો.

આમ છતાં, ઝૂમ એપમાં સલામતીની ગંભીર ખામીઓ બહાર આવી છે. એપ દાવો કરે છે તેમ તેમાં વીડિયો કૉલિંગ એન્ડ-ટુ-એન્ડ એન્ક્રિપ્ટેડ પણ નથી. 'ઝૂમબોમ્બિંગ'નો ટ્રેન્ડ ખતરનાક રીતે વધી રહ્યો છે એ પણ ધ્યાનમાં લેવા જેવું છે.

## 'ઝૂમ ક્લાઉડ મીટિંગ્સ'માં સલામતી સંબંધિત પ્રશ્નો

ઝૂમ એપ તેના સરળ ઇન્ટરફેસ અને એક સાથે ૧૦૦ વ્યક્તિઓ સુધી ગ્રૂપ વીડિયો કૉલિંગની સુવિધાને કારણે રાતોરાત ગજબની લોકપ્રિય થઈ છે, પણ સમગ્ર વિશ્વમાં તેમાં સલામતી સંબંધિત વિવિધ પ્રશ્નો બહાર આવી રહ્યા છે. ખાસ કરીને 'ઝૂમબોમ્પિંગ' તરીકે ઓળખાતા ટ્રેન્ડમાં, હેકર્સ ઝૂમ પર અન્ય લોકોની ચાલુ મીટિંગ્સમાં ઘૂસીને તેમને કંઈ પણ બતાવી શકે છે. ઝૂમ પર પ્રાઈવેટ મીટિંગ હોસ્ટ કરી, મર્યાદિત, વિશ્વાસપાત્ર લોકોને જ તેની લિંક, આઇડી અને પાસવર્ડ શેર કરવા હિતાવહ છે. સંખ્યાબંધ જાણીતી કંપનીએ પોતાના કર્મચારીઓ માટે 'ઝૂમ'ના ઉપયોગ પર પ્રતિબંધ મૂક્યો છે.

## ફેસબુક મેસેન્જર સહેલી સર્વિસ, હવે પીસી એપ પણ

ફેસબુકમાં એકાઉન્ટ ધરાવતી કોઈ પણ વ્યક્તિ ફેસબુક મેસેન્જરમાં ટેક્સ્ટ, વોઇસ અને વીડિયો કૉલિંગનો લાભ લઈ શકે છે. તેમાં ગ્રૂપ વીડિયો કૉલિંગની પણ સુવિધા છે. ફેસબુક મેસેન્જરમાં એક સમયે માત્ર છ વ્યક્તિના વીડિયો જોઈ શકાય છે.

ફેસબુક મેસેન્જરનો મોટો ફાયદો એ છે કે આપણા પરિચિતો તેના પર એક્ટિવ હોવાની શક્યતા ઘણી રહે



છે. જોકે પરિવારના અમુક વડીલો હજી તેના પર વોટ્સએપ જેટલા એક્ટિવ ન હોય એવું બની શકે છે. એન્ડ્રોઇડ અને આઇઓએસની એપ્સ ઉપરાંત હવે તો વિન્ડોઝ અને મેક માટે પણ તેની એપ આવી ગઈ છે. મેસેન્જરમાં પણ ગ્રૂપ વીડિયો કૉલિંગમાં ફન ઉમેરવા માટે વિવિધ ઇફેક્ટ્સ એડ કરવાની સુવિધા છે.

અત્યાર સુધી આપણે પીસીમાં બ્રાઉઝરમાં મેસેન્જરનો ઉપયોગ કરી જ શકતા હતા, હવે તેની અલગ એપ પણ પીસીમાં ડાઉનલોડ કરી શકાય છે.

## સ્કાઇપ હવે ઉપયોગમાં વધુ સરળ બની

વીડિયો કોલિંગ માટે અત્યાર સુધી દુનિયાની ફેવરિટ એપ. સ્કાઇપમાં ગયા વર્ષ એટલે કે એપ્રિલ ૨૦૧૯ સુધી ૨૫ લોકો સુધી મફત વીડિયો કોન્ફરન્સની સુવિધા હતી, પછી તે વધારીને ૫૦ લોકો સુધીની કરી દેવામાં આવી છે. સ્કાઇપમાં ફ્રી કોન્ફરન્સમાં પણ સમયની કોઈ મર્યાદા નથી.

સામાન્ય રીતે, સ્કાઇપનો ઉપયોગ કરવા માટે તમારું સ્કાઇપમાં એકાઉન્ટ હોવું જરૂરી હોય છે અને તમારે મોબાઇલ કે પીસી માટે તેને એપ ડાઉનલોડ કરવી જરૂરી હોય છે. હવે ઝૂમનો હુમલો ખાળવા માટે સ્કાઇપમાં પણ વીડિયો કૉલિંગ શક્ય એટલું સરળ બનાવવામાં આવ્યું છે. સ્કાઈપમાં તેને 'મીટ નાઉ' કહેવામાં આવે છે.

સ્કાઇપમાં એકાઉન્ટ ધરાવતી કોઈ વ્યક્તિ અહીંથી મીટિંગ ક્રિએટ



કરી શકે અને પછી તેની લિંક અન્યો સાથે શેર કરી શકે. આ લોકો સ્કાઇપ એપ કે સ્કાઇપ એકાઉન્ટ વિના, સ્કાઇપના વેબ પ્લેટફોર્મમાં આ મીટિંગમાં જોઈ શકે છે. મતલબ કે કોઈ એકાઉન્ટ ક્રિએટ કર્યા વિના કે કશું ડાઉનલોડ કર્યા વિના વીડિયો કૉલિંગ કરી શકાય છે.

સ્કાઇપમાં તમે ઇચ્છો તો તમારા બેકગ્રાઉન્ડને બ્લર કરી શકો છો અને જ્યારે જરૂર પડે ત્યારે તમારા સ્ક્રીનને શેર કરી શકો છો.

સ્કાઈપમાં તમે ઇચ્છો ત્યારે કોલ ક્લાઉડમાં રેકોર્ડ કરી શકો છો (અન્ય સભ્યોને તેની જાણ થશે) અને પછી ૩૦ દિવસ સુધી તેને ક્લાઉડમાં સ્ટોર કરી, ત્યાંથી શેર કરી શકો છો. સ્કાઇપ સીરિયસ બિઝનેસ મીટિંગ્સ માટે વધુ ઉપયોગી છે.

# વોટ્સએપ હંમેશા હાથવગી, પણ મર્યાદિત

કોરોના વાઇરસે મચાવેલા ઉત્પાતને પગલે લોકો ઘરમાં પૂરાઈ ગયા હોવાથી બિઝનેસ માટે કે નિકટનાં સંખ્યાબંધ સ્વજનો સાથે એક સાથે વીડિયો કૉલિંગની નવી મજા લેવા, ૧૦-૧૨ કે તેથી વધુ લોકો એક સાથે ગ્રૂપ વીડિયો કૉલિંગ કરી શકે એવી એપ્સ શોધી રહ્યા છે, બાકી સામાન્ય સંજોગોમાં વોટ્સએપ જેવી સરળતા કોઈ એપમાં નથી.

આપણા સંપર્કમાંની લગભગ દરેક વ્યક્તિના ફોનમાં વોટ્સએપ હોય જ છે, એટલે બસ, તમે તમારા કોન્ટેક્ટ્સમાંની કોઈ પણ વ્યક્તિને



વોટ્સએપમાં વીડિયો કૉલ કરો અને પછી બીજી વ્યક્તિને પણ ઉમેરો એટલે સ્ક્રીન પર ચારેય વ્યક્તિની વાત શરૂ.

મર્યાદા ફક્ત એટલી કે તેમાં એક સાથે ફક્ત ચાર લોકો ગ્રૂપ વીડિયો મીટિંગમાં જોડાઈ શકે છે અને તેમાં સ્ક્રીન શેરિંગ કે વીડિયો દરમિયાન જ ફાઇલ શેરિંગ જેવી સુવિધાઓ નથી. તમે ઇચ્છો ત્યારે વીડિયો કૉલમાંથી વોઇસ કૉલમાં ને વોઇસમાંથી વીડિયો કૉલમાં જઈ શકો. અગાઉ જે ગ્રૂપ સાથે વાત કરી હોય, તેને એક ક્લિકમાં ફરી વીડિયો કૉલ કરી શકાય.

પારિવારિક વાત હોય કે ક્લાયન્ટ્સ સાથે પ્રોજેક્ટ મીટિંગ કરવાની હોય, ખરેખર વ્યવસ્થિત રીતે વાતચીત કરવી હોય તો ચાર વ્યક્તિની મર્યાદા જ વોટ્સએપનું સારું પાસું પૂરવાર થાય છે!

# હેંગઆઉટ બિઝનેસમાં વધુ ઉપયોગી

ગૂગલ તેની ખાસિયત મુજબ, વીડિયો કૉલિંગ માટે એક કરતાં વધુ એપ્સની 'સગવડ' આપે છે. 'હેંગઆઉટ્સ' તેમાંની એક છે. યાદ રહે, ગૂગલની જ 'હેંગઆઉટ મીટ' નામની સર્વિસ તેના પેઇડ યૂઝર્સ માટે છે અને મોટા ભાગે તે બિઝનેસ કોન્ફરન્સિંગ માટે છે, જ્યારે સાદી હેંગ્સઆઉટ એપ કે સર્વિસ મિત્રો અને સ્વજનો સાથે વીડિયો કૉલ, ફોન કૉલ કે મેસેજિંગ માટે છે.


જીમેઇલનું મફત એકાઉન્ટ ધરાવતા લોકો હેંગઆઉટમાં એક સાથે ૧૦ લોકો સુધી વીડિયો કોલ કરી શકે છે. જી-સ્યૂટ (એટલે કે પોતાના બિઝનેસ માટે ગૂગલની






વિવિધ પેઇડ સર્વિસ)ના બેઝિક વર્ઝનનો ઉપયોગ કરતા લોકો માટે, બિઝનેસ માટે હેંગઆઉટ મીટની લિમિટ્સ હમણાં વધારી દેવામાં આવી છે.


જુલાઈ ૧, ૨૦૨૦ સુધી પૂરા ૨૫૦ લોકો એક સાથે વીડિયો કોન્ફરન્સમાં ભાગ લઈ શકશે. હેંગઆઉટ પણ ઉપયોગમાં બિલકુલ સરળ છે. કોઈ એક વ્યક્તિ વીડિયો કોન્ફરન્સ શરૂ કરે અને બીજી વ્યક્તિને તેમના ઈ-મેઇલ કે ફોન નંબરથી તેમાં ઇન્વાઇટ કરી શકે. તમે પીસી/લેપટોપમાં અને એન્ડ્રોઇડ, આઇફોનની એપમાં તેનો ઉપયોગ કરી શકો.


## 'સાયબરસફર'ની વેબસાઇટ પર વાંચો અગાઉના તમામ અંકો



















**અંકદીઠ માંડ રૂા. 5/– જેટલી અત્યંત વાજબી કિંમત!**

**લવાજમની માહિતી અને ઘેરબેઠાં પેમેન્ટ માટે જુઓ**

**https://cybersafar.com/shop**

# વોટ્સએપથી રોકાતી સ્પેસ ખાલી કરો

ફોનમાં સ્પેસ ઓછી પડતી હોય તો વોટ્સએપને કારણે, બિનજરૂરી રીતે ડાઉનલોડ થતી બાબતો અટકાવો અને વધુ જગ્યા રોકતી ચેટ્સનો ડેટા પણ ડિલીટ કરો, આ રીતે...

વોટ્સએપમાં કેટલીક સામાન્ય કાળજી ન લઈએ તો તો મિત્રોની કૃપાથી આપણો ફોન ઝડપથી ભરાવા લાગી શકે છે!

વોટ્સએપને કારણે ફોન પર વધતો ભાર બે રીતે અંકુશમાં રાખી શકાય - એક, આપોઆપ ડાઉનલોડ થતી ઇમેજ-વીડિયો પર રોક લગાવીને અને બીજું, વધુ જગ્યા રોકતી ચેટ ડિલીટ કરીને.


આપણા પર આવેલા મેસેજિસ પર પહેલેથી થોડી બ્રેક રાખો, એટલે કે તમે ઇચ્છો ત્યારે જ મેસેજમાં આવેલી ઈમેજ/વીડિયો વગેરે ફોનમાં ડાઉનલોડ થાય એવું સેટિંગ કરવાથી ફોન પર ઝડપથી ભાર વધશે નહીં. એ માટે આ પેજ પર નીચે દર્શાવેલાં પગલાં લો.

એ ઉપરાંત, વોટ્સએપથી ફોનમાં રોકાતી જગ્યા ખાલી કરવા માટે આપણે કાં તો એક ધડાકે બધી ચેટને ખાલી કરી શકીએ, પરંતુ એવું ન કરવું હોય, માત્ર અમુક બિનજરૂર ચેટનો ડેટા જ ડિલીટ કરવો હોય તો એવું પણ થઈ શકે છે.


એ માટે, પહેલાં તો એ જાણવું જરૂરી બને કે આપણા પર આવેલા મેસેજિસમાંથી, કઈ વ્યક્તિ કે ગ્રૂપને કારણે આપણા ફોનની સ્ટોરેજમાં કેટલી જગ્યા રોકાય છે.

એ માટે, ફોનમાં વોટ્સએપના સેટિંગ્સમાં 'ડેટા એન્ડ સ્ટોરેજ યૂઝેજ'માં જઈને આપણે સ્ટોરેજ તપાસી શકીએ છીએ અને જરૂર મુજબ ચેટ ડિલીટ કરી શખીએ છીએ. આ સ્ટેપ્સ ઉપયોગી થશે...


## ઈમેજ/વીડિયો ઓટો-ડાઉનલોડ થતાં અટકાવવા માટે...




સેટિંગ્સમાં 'ડેટા એન્ટ સ્ટોરેજ યૂઝેજ'માં જાઓ. તેમાં 'મીડિયા ઓટો-ડાઉનલોડ' જુઓ.





મોબાઇલ ડેટાના ઉપયોગ વખતે કોઈ મીડિયા કે ડોક્યુમેન્ટ ડાઉનલોડ ન થાય એવું સેટિંગ કરી શકાય.





એ રીતે, વાઇ-ફાઇના ઉપયોગ સમયે મીડિયા, ડોક્યુમેન્ટ ડાઉનલોડ ન થાય એવું સેટિંગ કરી શકાય.


## વ્યક્તિગત કોન્ટેક્ટ કે ગ્રૂપથી રોકાતી સ્પેસ જાણી, તેને ખાલી કરવા માટે...





વોટ્સએપના સેટિંગ્સમાં જઈને તેમાં 'ડેટા એન્ડ સ્ટોરેજ યૂઝેજ' સેક્શન પર ક્લિક કરો.





વોટ્સએપને કારણે ફોનની કેટલી સ્ટોરેજ વપરાઈ રહી છે તેની ગણતરી થશે ને તેનો આંકડો દેખાશે.





દરેક કોન્ટેક્ટ કે ગ્રૂપ ફોનમાં કેટલી જગ્યા રોકે છે તે ઉતરતા ક્રમમાં દેખાશે. નિયમિત સફાઈ નહીં થતી હોય તો અહીં મોટા આંકડા દેખાશે!




જે કોન્ટેક્ટ કે ગ્રૂપને કારણે વધુ જગ્યા રોકાતી હોય તેને સિલેક્ટ કરો અને તેની કઈ આઇટમ કેટલી જગ્યા રોકે છે તે જુઓ.




હવે જે તે બાબત ડિલીટ કરવી હોય તે સિલેક્ટ કરી લો અને નીચે 'ડિલીટ આઇટમ્સ' પર ક્લિક કરી દો.




કન્ફર્મેશન પૂછવામાં આવે તેમાં ઇચ્છો તો સ્ટાર કરેલા મેસેજ પણ ડિલીટ કરવા કહો અને બધું ડિલીટ કરી, ફોનમાં જગ્યા વધારો!

# હવે પ્લેનમાં પણ વાઈ-ફાઈઃ કરો વર્ક-ફ્રોમ-એર!




**હવે થોડા જ સમયમાં આપણને પ્લેનમાં પણ વાઈ-ફાઈની મદદથી ઇન્ટરનેટ કનેક્ટિવિટી મળતાં લેપટોપ, ટેબલેટ કે સ્માર્ટફોનમાં કામ કરી શકાશે.**

અત્યારે તો આખા વિશ્વમાં કોરોના વાઇરસના હાહાકારને પગલે, અન્ય ઉદ્યોગોની સાથે એવિએશન ઇન્ડસ્ટ્રી ભીંસમાં મૂકાઈ ગઈ છે, પણ ભારતમાં જો તમારે વારંવાર હવાઈ મુસાફરી કરવાની થતી હોય તો તમારે માટે એક આનંદના સમાચાર છે - હવે પ્લેનમાં પણ વાઇ-ફાઇ ઉપલબ્ધ થવા લાગશે!

આ સમાચારમાં તમને બે કારણસર રસ પડી શકે. એક, જો તમે વારંવાર પ્લેનમાં મુસાફરી કરી શકતા હો અને બીજું તમારામાં ઠાંસોઠાંસ કુતૂહલ ભર્યું પડ્યું હોય!

વારંવાર હવાઈ મુસાફરી કરવાની થતી હોય તો દેખીતું છે તે તમને ફ્લાઇટમાં પણ ઓફિસ સાથે કનેક્ટેડ રહેવાની વાતમાં રસ પડે. એ સિવાય, હવામાં ઊડતા પ્લેનમાં એટલી ઊંચાઈએ ઇન્ટરનેટ કનેક્ટિવિટી કેવી રીતે સંભવ બને એ જાણવામાં પણ તમને રસ પડી શકે.

ભારતમાં અત્યાર સુધી, વિમાનમાં ઇન્ટરનેટ કનેક્ટિવિટીની સુવિધા ઉપલબ્ધ નહોતી. ઉલ્ટાનું ફ્લાઇટ ટેક ઓફ કરવાની તૈયારીમાં હોય ત્યારે એર હોસ્ટેસ તરફથી આપણે ખાસ કહેવામાં આવે કે તમારા સ્માર્ટફોન કે અન્ય મોબાઇલ ડિવાઇસને એરપ્લેન મોડમાં મૂકી દો, જેથી પ્લેનના પાઇલટ અને ગ્રાઉન્ડ પરના એર ટ્રાફિક કંટ્રોલ ટાવર વચ્ચેના કમ્યુનિકેશનમાં અવરોધ ન થાય.

હવે આ સ્થિતિ બદલાશે. ભારતની એરલાઇન્સ કંપની વિસ્તારા નેલ્કો કંપનીના સહયોગમાં પોતાની ફ્લાઇટસમાં ઇન ફ્લાઇટ કનેક્ટિવિટી આપવાનું શરૂ કરશે.

ભારતમાં ટેલિકમ્યુનિકેશન્સ સંબંધિત બાબતોની સર્વોચ્ચ સરકારી સંસ્થા ટેલિકોમ કમિશને પ્લેનમાં વાઇ-ફાઇ સર્વિસીઝના ઉપયોગને લીલી ઝંડી આપી દીધી છે. આનો અર્થ એ થયો કે થોડા સમયમાં ભારતમાં કાર્યરત ડોમેસ્ટિક અને ઇન્ટરનેશનલ એરલાઇન કંપનીઝ પોતાના પેસેન્જર્સને પ્લેનમાં પણ વાઇ-ફાઇની મદદથી ઇન્ટરનેટ એક્સેસ કરવાની સુવિધા આપી શકશે.

સામાન્ય રીતે, આપણે પ્લેનમાં મુસાફરી કરીએ ત્યારે પ્લેન ટેક ઓફ કરી લે તે પછી ગણતરીની મિનિટોમાં આપણા ફોનમાં કોઈ કનેક્ટિવિટી મળતી હોતી નથી, પરંતુ પ્લેનની કોકપિટ અને જમીન પરના એર કંટ્રોલ ટાવર વચ્ચેના કમ્યુનિકેશનમાં કોઈ અવરોધ ઊભો ન થાય એ માટે હવાઈ મુસાફરી દરમિયાન સ્માર્ટફોનના ઉપયોગ પર પ્રતિબંધ હતો.

હવે થોડા સમયમાં એવું બનશે કે આપણે પ્લેન ટેક ઓફ થયા પછી ફોન બંધ નહી કરવો પડે અને સ્માર્ટફોનમાં અથવા લેપટોપમાં ઇન્ટરનેટ કનેક્ટિવિટી મેળવીને પોતાના ઇમ્પોર્ટન્ટ કામ સહેલાઇથી પતાવી શકીશું. અલબત્ત આમાં બે વાત ધ્યાને રાખવા જેવી છે પહેલી વાત એ છે કે પ્લેનમાં વાઇ-ફાઇ એ એરપોર્ટ, રેલવે સ્ટેશન કે કોઈ મોલમાં મળતાં વાઇ-ફાઈ કરતાં બિલકુલ અલગ બાબત છે. આ એક ખાસ્સી મોંઘી ટેકનોલોજી છે અને એવી પૂરી શક્યતા છે કે પોતાની ફ્લાઇટમાં વાઇ-ફાઇની સગવડ આપતી એરલાઇન એ માટે તેણે કરવા પડતાં વધારાના ખર્ચનો બોજો પેસેન્જર્સના માથે નાખશે.

જોકે આપણે તો અહીં આ ટેકનોલોજી કેવી રીતે કામ કરે છે તેના પર ફોકસ કરીએ.

લગભગ ૩૦૦૦૦-

**ટેલિકોમ કમિશને પ્લેનમાં વાઇ-ફાઇ સર્વિસીઝના ઉપયોગને લીલી ઝંડી આપી દીધી છે. હવે ભારતની ડોમેસ્ટિક અને ઇન્ટરનેશનલ એરલાઇન કંપનીઝ પોતાના પેસેન્જર્સને પ્લેનમાં પણ વાઇ-ફાઇની મદદથી ઇન્ટરનેટ એક્સેસ કરવાની સુવિધા આપી શકશે.**

૩૫૦૦૦ ફીટની ઊંચાઇએ, ખરેખર 'વિમાનવેગે' (!) ઊડતા પ્લેનમાં ઇન્ટરનેટ કનેક્ટિવિટીનાં સિગ્નલ્સ પહોંચાડવાં સહેલું કામ નથી. આ કામ મુખ્યત્વે બે પદ્ધતિથી કરવામાં આવે છેઃ એક, એર-ટુ-ગ્રાઉન્ડ ટ્રાન્સમિશન અને બીજી, સેટેલાઇટ દ્વારા.

એર-ટુ-ગ્રાઉન્ડ ટ્રાન્સમિશન : જેમ આપણે કાર કે ટ્રેનમાં મુસાફરી કરતી વખતે આપણા સ્માર્ટફોનમાં નજીકના સેલ ટાવરનાં સિગ્નલ્સ પકડી શકીએ છીએ એ જ રીતે, હવામાં ઊડતાં પ્લેન જમીન પરના, સૌથી નજીકના એટીજી નેટવર્કના ટાવર્સનાં સિગ્નલ્સ પકડી શકે છે. પ્લેનના નીચેના ભાગમાં આ સિગ્નલ્સ ઝીલવા માટેનાં એન્ટેના ફિટ કરવામાં આવે છે.

સેટેલાઇટ ટ્રાન્સમિશનઃ જ્યારે પ્લેન જમીનને બદલે મહાસાગર પરથી ઊડી રહ્યું હોય ત્યારે તેને એટીજી ટાવર નેટવર્કનાં સિગ્નલ્સ મળી શકતાં નથી. આવે સમયે, પ્લેનમાં સેટેલાઇટસ દ્વારા ઇન્ટરનેટ સિગ્નલ્સ મળી શકે છે. તેને ઝીલવા માટે પ્લેનના ઉપરના ભાગમાં એન્ટેના ફિટ કરેલ હોય છે.

આ બંને સ્થિતિમાં ઇન્ટરનેટ સિગ્નલ્સ મેળવ્યા પછી એરપ્લેનમાંનું રાઉટર હોટસ્પોટ તરીકે કામ કરે છે અને પેસેન્જર્સ તેની સાથે પોતાના સાધનને કનેક્ટ કરી શકે છે. ભારત સરકારે કરેલી જાહેરાત મુજબ, ભારતની એરલાઇન્સમાં પેસેન્જર્સને ઇન-ફ્લાઇટ વાઇ-ફાઇ સર્વિસ આપવાનો કંટ્રોલ ફ્લાઇટના મેઇન કેપ્ટન પાસે રહેશે. સરકારના આદેશ અનુસાર, પ્લેન ટેકઓફ પછી હવામાં નિશ્ચિત ઊંચાઈએ પહોંચીને આગળ વધવા લાગે ત્યારે પછી કેપ્ટન વાઇ-ફાઇ સ્વિચ-ઓન કરી શકશે.





**જ્યારે પ્લેન જમીનને બદલે મહાસાગર પરથી ઊડી રહ્યું હોય ત્યારે તેને એર-ટુ-ગ્રાઉન્ડ ટાવર નેટવર્કનાં સિગ્નલ્સ મળી શકતાં નથી. આવે સમયે, પ્લેનમાં સેટેલાઇટસ દ્વારા ઇન્ટરનેટ સિગ્નલ્સ મળી શકે છે.**


હવામાન સાનુકૂળ ન હોય ત્યારે કેપ્ટન વાઇ-ફાઇ બંધ પણ કરી શકે છે. ઉપરાંત, ઇન-ફ્લાઇટ વાઇ-ફાઇની સુવિધા આપતા દરેક પ્લેન માટે નિશ્ચિત પ્રમાણપત્ર મેળવવું પડશે.


મુસાફરો પોતાના લેપટોપ, સ્માર્ટફોન, ટેબલેટ, સ્માર્ટવોચ કે ઇ-રીડરક વગેરેને ફ્લાઇટ કે એરપ્લેન મોડમાં રાખીને પછી તેમાં વાઇ-ફાઇનો ઉપયોગ કરી શકે છે.


એરપ્લેન મોડમાં ફોનની બધી કનેક્ટિવિટી બંધ થાય એ વાત સાચી, પણ એ મોડમાં પણ વાઇ-ફાઇ કનેક્ટ કરી શકાય, ટ્રાય કરી જુઓ!

# ફરી પ્રકાશિત થઈ ગઈ છે 'સાયબરસફર' હેન્ડીગાઈડ્ઝ




**'દિવ્ય ભાસ્કર'માં પ્રકાશિત પસંદગીના લેખોનું સંકલન, સાઈઝ : ૫.૫ X ૫.૫ ઇંચ, પેજ : દરેકમાં ૯૬**

**ચોથી આવૃત્તિ અપડેટેડ માહિતી સાથે**

**Rs. 240/-**
**ચારનો સેટ**

For homedelivery call or whatsapp: 092272 51513 or 079-4006 1513 or visit www.cybersafar.com to buy online

# મજાના વોલપેપર, એક્સ્ટ્રા લાભ સાથે

સ્માર્ટફોન જ્યારે નવા નવા લોન્ચ થયા હતા ત્યારે આપણે તેમાં લાઇવ વોલપેપર રાખીને ગોળમટોળ પથ્થરો પર લહેરાતા પાણીને હળવેકથી સ્પર્શ કરતાં ઊભી થતી લહેરોની મજા માણવાનો કેવો રોમાંચ અનુભવતા હતા એ યાદ છે?!

પછી તો સ્માર્ટફોન તદ્દન સામાન્ય થઈ પડ્યા અને હવે લગભગ કોઈના ફોનમાં એ ખાસ્સું બેટરી ખાતું લાઇવ વોલપેપર જોવા મળતું નથી. પરંતુ ફોનને અવનવા સ્ટેટિક વોલપેપરથી સજાવવાનો મહિમા હજી પણ અકબંધ છે.

પ્લેસ્ટોરમાં જઇને વોલપેપર સંબંધિત સંખ્યાબંધ એપ્સ ડાઉનલોડ કરી શકાય છે.

અલબત્ત આ બધામાં ગૂગલની પોતાની વોલપેપર એપ જરા અલગ તરી આવે છે. જો તમે તમારા સ્માર્ટફોનમાં જુદા જુદા પ્રકારના વોલપેપર રોજે રોજ બદલાય એવું ઇચ્છતા હો તો ગૂગલ વોલપેપર એપ ડાઉનલોડ કરી લો. આ એપ ડાઉનલોડ કરીને તમે લોન્ચ કરશો એટલે તેમાં મથાળે તમે ઓલરેડી કોઈ વોલપેપર સેટ કરેલ હશે તો તે જોવા મળશે.

આ એપની ખરી મજા તેમાં રહેલી આર્ટ, અર્થ, લેન્ડસ્કેપ્સ, સીટી સ્કેપ્સ, લાઇફ, ટેક્સચર્સ, સોલિડ કલર્સ કે લાઇવ વોલપેપર્સ કેટેગરીમાંથી કોઈ પણ એક કેટેગરી પસંદ કરવામાં છે.

મજા એ છે કે આમાંની કોઈ પણ કેટેગરી આપણે સિલેક્ટ કરીએ પછી જોવા મળતા ઓપ્શનમાં ડેઇલી વોલપેપરના વિકલ્પને ઓન કરી દઈએ તો આ એપ તેને જ્યારે પણ વાઇ-ફાઇ કનેકશન મળે ત્યારે એ કેટેગરીમાંની નવી ઇમેજ આપોઆપ ડાઉનલોડ કરીને રોજે રોજ વોલપેપર બદલતી રહેશે.




આટલી સુવિધા તો આપણને બીજી એપમાં મળી શકે, પણ વાત ગૂગલની છે એટલે તેમાં ઇન્ટરનેટ પર આગળ વધવાની સુવિધા ન હોય એવું બની ન શકે. આપણને જે નવા વોલપેપર વિશે વધુ જાણવામાં રસ પડે તેને ગૂગલ વોલપેપર એપમાં ઓપન કરીને એ ઇમેજના મૂળ સ્રોત સુધી પહોંચી શકીએ છીએ અને તેના વિશે થોડી વધુ માહિતી મેળવી શકીએ છીએ. આ એપમાં અર્થ કેટેગરી સિલેક્ટ કરતાં એપ ગૂગલ અર્થની મદદથી પૃથ્વીના વિવિધ ભાગની રસપ્રદ ઇમેજીસ આપણને વોલ પેપર તરીકે બતાવે છે અને એ દરેક ઇમેજને વોલપેપર એપમાં ક્લિક કરીને આપણે મેપ્સ પર એ ચોક્કસ જગ્યા સુધી પહોંચી શકીએ છીએ.

રોજ કંઇક નવું જોવું અને જાણવું હોય તો આ એપ ખરેખર મજાની છે.

*('સાયબરસફર'ના જુલાઈ, ૨૦૧૭ અંકમાંથી)*

'સાયબરસફર' વિશે આપના પ્રતિભાવ કે સૂચન editor@cybersafar.com પર જરૂર આપશો.

કેશલેસ લેવડ-દેવડના ફાયદા તો તમે જાણો છો,

# છતાં ખચકાવ છો?

આપો તમારા
સ્વજનને
અનોખી ભેટ!

**સ્માર્ટ બેન્કિંગનાં એક નહીં, અનેક પાસાં છે અને એ બધાં પરસ્પર સંકળાયેલાં છે! આ બધાથી તમે ગૂંચવાતા હો, તો 'સાયબરસફર સ્માર્ટ બેન્કિંગ ઇઝીગાઇડ બુક' આખું ચિત્ર સ્પષ્ટ કરી દેશે.**




સાઇઝ : ૮.૨૫ X ૫.૫ ઇંચ, પેજ : ૯૬

કિંમત રૂા. ૧૧૦ (વત્તા રૂા. ૨૦ રજિ. પોસ્ટ/કુરિયર ચાર્જ)

## સાયબરસફર

ઓનલાઇન ઓર્ડર માટે જુઓ :

www.cybersafar.com

અથવા કોલ/વોટ્સએપ :

૯૨૨૭૨ ૫૧૫૧૩



સાયબર સફર

cybersafar.com

## નિ:શુલ્ક અપડેટ્સ મેળવો

આપના ઈ-મેઇલમાં

આપનું નામ

આપનો જિલ્લો (ગુજરાત બહાર હો તો રાજ્ય/દેશ)

આપનું ઈ-મેઇલ એડ્રેસ

Submit

સાઇન–અપ કરવા માટે ક્લિક કરો

https://cybersafar.com/free-updates

